Reg. No. B. 876

શ્રીજૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડિંગના હિતાર્થે પ્રકટ થતું.

# બુદ્ધિપ્રભા.

## ( Light of Reason. )

વર્ષ ૨ જું. સને ૧૯૧૧. માર્ચ. અંક ૧૨ મો

सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥
नाहं पुद्गलभावानां कर्ता कारयिता न च ।
नानुमन्तापि चेत्यात्म-ज्ञानवान् लिप्यते कथम् ॥

પ્રગટકર્તા,
અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.

વ્યવસ્થાપક,
શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગ તરફથી,
સુપ્રીન્ટેન્ડન્ટ શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ.
નાગોરીસરાહ-અમદાવાદ.

વાર્ષિક લવાજમ-પોસ્ટેજ સાથે રૂ. ૧-૪-૦. સ્થાનિક ૧-૦-૦

અમદાવાદ શ્રી 'સત્યવિજય' પ્રેસમાં સાંકલચંદ હરીલાલે છાપ્યું.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ અમારા ભક્ત ગણવાના. ... | ૩૬૧ | ૧૦ વચન સંયમ. ... ... | ૩૮૭ |
| ૨ દીલદર્દ ટાળી શકાય છે. ... | ૩૬૨ | ૧૧ બોર્ડીંગ પ્રકરણ. ... ... | ૩૯૨ |
| ૩ નીતિ વચનામૃતો. ... ... | ૩૬૪ | ૧૨ પુજ્યમૂનિ મહારાજ શ્રીમદ્ બુદ્ધિ સાગરજી મુંબઇમાં. ... | ૩૯૪ |
| ૪ કરાર નિદ્રા.... ... ... | ૩૬૭ | ૧૩ બોર્ડીંગના એક વિદ્યાર્થીનું વિદેશ ગમન. ... ... | ૩૯૬ |
| ૫ કષાય ચતુષ્ટય-માન. ... | ૩૭૧ | ૧૪ માસિકનું ત્રીજુ વર્ષ. ... | ૩૯૭ |
| ૬ કર્મ પ્રકરણ. ... ... | ૩૭૨ | ૧૫ લવાજમની પહોંચ.... ... | ૩૯૮ |
| ૭ આત્મા તારૂં શું છે? તે વિચાર. | ૩૭૮ | ૧૬ બુદ્ધિસાગરજી ગ્રંથમાળા. | ૪૦૦ |
| ૮ વિચાર શુદ્ધિ. ... ... | ૩૮૪ | | |
| ૯ કાવ્ય પુષ્પમાળા. ... ... | ૩૮૬ | | |



**હવે માત્ર જુજ નકલોજ શીલક છે માટે વ્હેલો તે પહેલો.**

# મલયાસુંદરી.

( રચનાર. પંન્યાસ કેસર વિજયજી. )

કૃત્રીમનોવેગોને ભુલાવનાર, તત્વ જ્ઞાનને સમજાવનાર, કર્મની વિચીત્ર ગતીનો અપૂર્વ નમુનો એવો આ ગ્રંથ હોવાથી તેની ૧૨૦૦ નકલો જુજ વખતમાં ખપી ગઈ છે. કીંમત માત્ર રૂ. ૦-૧૦-૦.

બુદ્ધિપ્રભાના ગ્રાહકો માટે કીં. રૂ. ૦-૬-૦ રાખવામાં આવી છે. પણ જે ગ્રાહકનું લવાજમ વસુલ આવ્યું હોય તેનેજ એ કીંમતે મળે છે.

બુદ્ધિ પ્રભાના ગ્રાહક થનારને આવી રીતે કેટલાક બીજા લાભો પણ અપાય છે માટે તેના ગ્રાહક ના હોવ તો જરૂર થાઓ. બોર્ડીંગને સહાય કરવાનું પુણ્ય હાંશીલ થાય છે અને સદ્જ્ઞાનનું વાંચન મળે છે.

લખો.—જૈન બોર્ડીંગ—અમદાવાદ.
ઠે. નાગોરીશરાહ.

---

**શ્રી જીનમંદિરે જીન પ્રભુનું ઉત્તમ રીતે દર્શન કરાવનાર.**
**જૈનશાળાઓમાં ખાસ ઉપયોગી.**

# શ્રી જીનદેવ દર્શન.

( વિધિ, હેતુ, વિવેચન સહિત )

કીંમત માત્ર રૂ. ૦-૩-૦ લખો.
મોહનલાલ દ. દેશાઈ.
બી. એ. એલ. એલ. બી. વકીલ હાઇકોર્ટ,
પ્રીન્સેસ સ્ટ્રીટ મુંબઇ.

# બુદ્ધિપ્રભા.

## (The Light of Reason)

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिप्रहृद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय—भ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૨ જું. તા. ૧૫ મી માર્ચ. સન ૧૯૧૧ અંક ૧૨ મો.

## अमारा भक्त गणवाना.

કવ્વાલી.

અમારૂ દીલ નહી જાણે, અમારા ભક્ત તે શાના;
અમારા દીલના આશય, ગ્રહે તે ભક્ત ગણવાના. ૧
ઘણા આશય અપેક્ષાથી, વદું તે સર્વ જે જાણે;
જણાવે અન્યને જાણ્યું, અમારા ભક્ત ગણવાના. ૨
અપેક્ષાઓ ઘણી ઉંડી, અમારા બોલમાં જ્યાં ત્યાં;
પરીક્ષાની કસોટીમાં, અમારા ભક્ત ગણવાના. ૩
ઘણા છે ભક્તના ભેદો, બને છે ભક્તિથી ભક્તો;
રગોરગમાં વસેલાઓ, અમારા ભક્ત ગણવાના. ૪
હૃદયના આશયો સર્વે, કહ્યા વણ જ્ઞાનથી ખેંચે;
નથી કીર્તિતણી ઇચ્છા, અમારા ભક્ત ગણવાના. ૫

સમર્પણ ભક્તિના માટે, જીવન સઘળું કર્યું નક્કી;
હૃદયનો પ્રેમ જ્યાં સાક્ષી, અમારા ભક્ત ગણવાના. ૬
નથી ભક્તિ જરાઘટતી, ભમાવ્યાથી ભમે નહિ જે;
હૃદય અધ્યાત્મમાં વહેતું, અમારા ભક્ત ગણવાના. ૭
ઘણી શ્રદ્ધા નથી શંકા, જરા નહિ સ્વાર્થનો છાંટો;
પડે તે દુઃખ સહનારા, અમારા ભક્ત ગણવાના. ૮
અમારા કાર્યમાં ભેગા, થતા નહિ ડોળડાહ્યા જે;
ધરે સમતા તજે મમતા, અમારા શિષ્ય ગણવાના. ૯
ઉપરનો ડોળ નહિ કરતા, વદે તેવું કરે નિશ્ચય;
પરમ પ્રેમે વહે જીવન, અમારા ભક્ત ગણવાના. ૧૦
કરે છે જ્ઞાનની વૃદ્ધિ, કરે છે દીલથી સેવા;
બુદ્ધચબ્ધિ ભક્ત હું સહુનો, પ્રગટજો સદ્‌ગુણો મુજમાં. ૧૧

ૐ शान्तिः ३–માહ વદી. ૧૪

---

## " दीलनुं दर्द टाळी शकाय छे "

( લેખક. श्री गुरु. )

મનમાં આર્ત્તધ્યાન અને રૌદ્ર ધ્યાનના વિચારોની શ્રેણિયો વારંવાર પ્રગટ્યાથી ખરી શાન્તિનો અનુભવ થતો નથી. આત્માનો ખરો આનન્દ મેળવવા માટે બાહ્યના જે જે વિચારો કરવામાં આવે છે તે ખરા ઉપાય તરીકે સિદ્ધ થતા નથી—અમુક ચૈત્ર પોતાના શત્રુઓનો નાશ કરવા અનેક પ્રકારના ઉપાયોમાં ગુંથાય છે. રાત્રી અને દીવસમાં અનેક પ્રકારના પ્રપંચો ઉભા કરે છે તોપણ તે દીલના દર્દમાં ઘસડાય છે. તેનું શરીરબળ ઘટે છે. ચિન્તા કરવાથી તેનું શરીર સુકાઈ જાય છે. આ પ્રમાણે ચૈત્ર પ્રતિદિન દિલના દર્દોનો વધારો કરે છે અને તેમજ શારીરિક દર્દોનો પણ વધારો કરે છે અને અન્તે તે મરીને અશુભ અવતાર ધારણ કરે છે.

વિવેકી મનુષ્યો બરાબર વિવેકદૃષ્ટિથી વિચાર કરશે તો માલુમ પડશે કે શરીરના દર્દ કરતાં દીલનાં દર્દ ટાળવાં મહા મુશ્કેલ છે.

દીલનાં દર્દ ટાળવા માટે અધ્યાત્મજ્ઞાનની આવશ્યકતા છે—અધ્યાત્મ-

જ્ઞાનને વેદધર્મ માનનારાઓ આત્મવિદ્યા કહે છે-અધ્યાત્મજ્ઞાનથી આત્મા અને જડ વસ્તુની ભિન્નતા પરખાય છે અને તેથી મનમાં થતા રાગ અને દ્વેષને ટાળવાની અનેક યુક્તિયો સુઝી આવે છે-જે જે પ્રસંગે અમુક અમુક કારણોને લેઇ અમુક અમુક જાતની ચિન્તાઓ ઉઠે છે તેને અમુક અમુક સંયમશક્તિથી ટાળવાનું કાર્ય સહેલું થઇ જાય છે—અનેક વખતે આ પ્રમાણે આવી પડતા કર્મના ઉદયોમાં આત્માની સહનશીલતા ખપમાં આવે છે અને રાગદ્વેષના વિચારોના તરંગો શમી જાય છે—ધારો કે કોઇ મનુષ્યના ઉપર એકદમ અનેક જાતની ઉપાધિ પડી. તે જ્ઞાની હોય તો વિચારે કે ઉપાધિયોનું આવાગમન કર્મના ઉદયથી છે. કર્મના ઉદયથી આવી ઉપાધિયો આવી પડી છે—તે સહન કર્યા વિના છૂટકો નથી—આત્મજ્ઞાનના બળવડે સર્વ પ્રકારની ઉપાધિયોને વેદવી જોઇએ-ઉપાધિયોને વેદ્યાવિના છૂટકો થવાનો નથી. મનમાં અનેક પ્રકારની ચિન્તાઓ કર્યાથી કંઇ વળે તેમ નથી—ઉપાધિયો ક્ષણિક છે. સદાકાળ કોઇને એક સરખી ઉપાધિ રહેતી નથી અને રહેવાની નથી-જે ઉપાધિયો આવી છે તે જવાની છે. માટે મારે ડરવાની જરા માત્ર પણ જરૂર નથી. મ્હારે ઉપાધિયોની સામે સમભાવથી ઉભા રહેવું જોઇએ—જગત્માં સર્વ જીવોને કર્મના વશથી ઉપાધિયો ભોગવવી પડે છે—ઉપાધિ કંઇ આત્માનો મૂળ ધર્મ નથી. આ પ્રમાણે વિચારબળથી તે કર્મની ઉપાધિયો સામે ઉભો રહી યુદ્ધ કરે છે અને મનમાં ચિન્તાનું દર્દ પેદા કરતો નથી.

કોઇ લક્ષાધિપતિ ઐશ્વિર્ય હોય, ધર્મ શીલ હોય, દયાળુ હોય, દાતાર હોય તેના ઉપર કર્મના ઉદયથી આફત આવી પડી હોય-પોતાની વ્યાવહારિક મનાયલી પ્રતિષ્ઠાને હાનિ પહોંચી હોય તેવા પ્રસંગે તે શેઠ જો જ્ઞાની હોય તો વિચાર કરે કે હે ચેતન ! ત્હારે જરામાત્ર પણ શોક કરવો જોઇતો નથી—ત્હારા ગુણોનો કંઇ નાશ થયો નથી-કર્મ પ્રમાણે લક્ષ્મીનું ગમનાગમન રહે છે-પાપકર્મનો ઉદય થતાં લક્ષ્મી જતી રહે છે-તેથી કંઇ શોક કરવાનું જરામાત્ર પ્રયોજન જણાતું નથી. બાહ્યલક્ષ્મી અસ્થિર છે. કોઇની પાસે સદા કાળ રહી નથી અને રહેવાની નથી. સ્વપ્નમાં ભાસેલા પદાર્થોજેવી લક્ષ્મી અને માન પ્રતિષ્ટા છે. લક્ષ્મી અને માનપ્રતિષ્ટા એ કંઇ વસ્તુતઃ આત્માનો ધર્મ નથી માટે હે આત્મા ! તું ત્હારા સ્વભાવમાં રમણતા કર-બાહ્યના પદાર્થો જાય તો શું અને આવે તોપણ શું બાહ્ય પદાર્થોમાં હું અને મ્હારૂં કલ્પવાથી દુઃખના ખાડામાં ઉતરવું પડે છે.

મ્હારો આત્મા, સર્વ જડ વસ્તુઓથી ભિન્ન છે. તો હવે જડ લક્ષ્મી કીર્તિ આદિ માટે શોક કેમ કરવો જોઇએ અલબત કદી ન કરવો જોઇએ—જગતમાં મોટા પુરૂષોને દુઃખો નડે છે. તેમ મ્હને પણ કર્મના ઉદયથી દુઃખ પડે તે સમભાવથી ભોગવી લેવું જોઇએ અને આત્માના આનન્દને પ્રાપ્ત કરવો જોઇએ એમ *જ્ઞાની શેઠ વિચાર કરે છે. દુઃખની વેળામાં* જરા માત્ર પણ ગભરાતા નથી. અનેક પ્રકારના દુઃખો સામું આત્મજ્ઞાનબળથી યુદ્ધ કરી શકાય છે.

મુનિવરો કે જે આત્મવિદ્યાના અભ્યાસીઓ છે તેઓ પણ આત્મધ્યાનથી દીલમાં ઉત્પન્ન થતાં અનેક દર્દોનો નાશ કરે છે. મનમાં રાગ અને દ્વેષના વિચારો ઉત્પન્ન કરવા તેજ દીલનું દર્દ કહેવાય છે. મનમાં ઉત્પન્ન થનાર રાગ અને દ્વેષને ટાળવા માટે જ્ઞાન, ધ્યાન આદિ અનેક ઉપાયો છે અને તેથી દીલનાં દર્દ ટળે છે. અનેક આત્માઓ દીલનાં દર્દ ટાળીને મુક્તિ ગયા અને જાય છે. ભવિષ્યકાળમાં પણ અનેક આત્માઓ દીલનાં દર્દ ટાળીને મુક્તિ જશે. આત્મધર્મનું એટલું બધું બળ છે કે તે દીલનાં દર્દ ટાળી શકે છે આત્માના બળવડે મનમાં ઉત્પન્ન થતા રાગદ્વેષનાં દર્દોને ટાળી શકાય છે. આત્માની અનંત શક્તિ ખીલવવાના ઉપાયોને આદરવા જોઇએ કે જેથી મનના રોગ ટળે અને સહજ સુખને ભોગવી શકાય.

---

# नीति वचनामृतो.

## ( મોહસીની ઉપરથી. )

( લેખક. પન્યાસ મુનિશ્રી કેસરવિજયજી )

( અનુસંધાન અંક અગીઆરમાના પાને ૩૪૧ થી ).

૭૪ બની શકે ત્યાં સુધી તારી છુપી વાત કોઇને કહીશ નહિં કારણ કે તે કહ્યાથી આનંદ યાતો શોક થશે. તારી છુપી વાતના જનાનામાં કોઇ પણ માણસને કોઇ વખતે આવવા ન દેતો.

૭૫ તું તારો પોતાનો ભાર વહી શકતો નથી તો પછી તારો મિત્ર તે ન વહી શકે તો તેનાપર નાખુશ ન થા.

૭૬ તારી વાત તુંજ છુપી રાખ. કારણ તે છુપી રાખનાર બીજો કોઇ મળશે નહિં.

૭૭ તુંજ તારો પોતાનો મિત્ર થા. કારણ વિશ્વાસુ મિત્રો મળશે નહિં.

૭૮ ભૂત અને ભવિષ્ય કાળ વચ્ચેનો એક સમય છે તેને વર્તમાન કાળ કહે છે માટે તેજ વખતને પોતાની ઉમર ગણી તેજ વખતે જે કામ કરવું હોય તે કરવું જોઇએ.

૭૯ અક્કલવાળો માણુસ કયે દિવસે કાળ—જમનાપર પોતાનું મન ચોંટાડે છે. પોતાની ઉમરમાં ડાહ્યો માણસ કોઇ દહાડો દુનિયાંપર વિશ્વાસ રાખતો નથી.

૮૦ જે મનુષ્ય પોતાના ઉત્તમ ગુણોથી પ્રસિદ્ધ થયો તે પોતાના મરણ પછી પણ જીવતોજ છે.

૮૧ ઉદારતાનો મિત્ર થા. ભલાઇનો સોબતી બન. એવું બીજ વાવ કે હમ્મેશાં તેનાં ફળો મળ્યાંજ કરે.

૮૨ જો તારે તારા મનોરથ પાર પાડવા હોય તો તું સંપનું દ્વાર ખોલ.

૮૩ મિત્ર તથા શત્રુ બન્ને જોડે મોટું મન રાખ. કારણ સભ્યતાથી કોઇને કાંઇ ઇજા થઇ નથી.

૮૪ ભિક્ષુકો આપણા ખરા મિત્રો છે. તેઓ આપણે બારણે આવે છે અને કહે છે કે તમારી પાસે કાંઇ હોય તો તે અમને આપો. તે તમારે સારૂ અમે ઉંચકી શું અર્થાત્ પૂર્વભવમાં તમને તેનું ફળ મળશે.

૮૫ દરેક આફતમાંથી તારે છુટવું હોય તો દિલગીરીના બંધનમાંથી ગરીબ માણુસોને છોડાવ.

૮૬ નિરપરાધી માણુસોને શોકના અગ્નિમાં ન નાંખ. ગુન્હેગારોરૂપી પુસ્તક ક્ષમાના પાણીથી ધોઇ નાંખ.

૮૭ તારા હૃદયને મહેરને વફાદારીનું તેજ આપ, લાંબા વખત પરનું ઓળખાણ નકામું ન સમજ. પોતાના મિત્રો તરફથી મોહું ફેરવી ન નાંખ. આગલા મિત્રોની સેવા ચાકરી યાદ કર.

૮૮ મોટા દરજ્જનો પ્યાલો પીઇને બેહોશ થઇ જવું તે ઠીક નહિં તેમજ મિત્રોને ભુલી જવું તે ઠીક નહિં.

૮૯ હજાર વખત માફ માંગે તોપણ નીચ માણસ અરધો ગુન્હો પણ માફ ન કરે. પણ ખુશ થવાય તેવી મેરબાની સાથે મોટાં માણસો હજાર અપરાધ ક્ષમા કરે છે.

૯૦ વિદ્વાનો, પંડિતો, ફિલસુફો તથા જ્ઞાની પુરૂષોની સંગત તથા તેમની જોડે બેઠક રાખવાનું મન કરવું જોઇએ અને અજ્ઞાન તથા ખરાબ આદતવાળા માણસોથી દૂર રહેવું જોઇએ.

૯૧ જે મિત્ર ભલો તથા સકળ સદ્‌ગુણ સંપન્ન હોય તેનાથી આત્માને સુખ અને જીવને રાહત મળે છે. જેની ટેવ નાદાની તથા ગફલતી હોય તેની સોબત હળાહળ વિષના જેવી છે.

૯૨ સારો સોબતી અત્તર વેચનાર જેવો છે. માનો કે કદાચ તે પોતાના અત્તરમાંથી કાંઇ ન આપે તોપણ તેનો સુવાસ લેવા જેટલો તો બીજાને ફાયદો થાય છે તેમ ખરાબ મિત્ર લુહારની ભઠ્ઠી જેવો છે એક વખત ધારો કે તેના દેવતાથી કોઈ બળે નહિં તથાપિ તેના ગરમ ધુમાડાથી તો ઇજા થયા વગર રહેજ નહિ.

૯૩ લુહારની ભઠ્ઠી આગળથી જતો રહે કારણ ત્યાં દરેક બાજુથી આતસનો ધુમાડો આવ્યા જશે. પણ અત્તર વેચનાર પાસે જા કારણ કે તેની પાસેથી માત્ર તેની સુગંધથીજ તારાં કપડાં બેશ થશે.

૯૪ સલાહકારે સલાહ આપવામાં તથા રસ્તો બતાવવામાં નરમાશની રીત રાખવી જોઇએ. તેમજ સભામાં કે મીજલશમાં શીખામણ આપવી ન જોઇએ. પણ એકાંતમાં અને એવે પ્રસંગે આપવી જોઇએ કે જ્યારે તેને એમ લાગે કે હવે મારા વચનની તેનાપર અસર થશે. તે પણ નરમાશ અને સભ્યતાથીજ આપવી. કારણ હાલના જમાનામાં નરમાશથી બોલવું અને સારો સ્વભાવ રાખવો તેમાંજ સુખ રહેલું છે.

૯૫ જે લોકો ખરા મનથી શિખામણ આપે છે તે દરેકના કાનને ગમે છે. સારા માણસની વાત આત્માજેવી છે. તેથી તરતજ તે આપણા મન તથા હૃદયને અસર કરે છે.

૯૬ જેને આફતમાંથી જીવ બચાવવો હોય તેણે પોતાના જીવને નમ્રતા પકડાવવી જોઇએ. પછી લોકોનું ભલું કરવા પોતાના હાથ પોહોળા કરવા જેથી ક્રોધનો પરદો પણ વચમાંથી ખસી જશે.

૯૭ આપણી દુનિયાંને અક્કલની ગરજ છે અને અક્કલને અનુભવની જરૂર છે કારણ એવું કહેવાય છે કે અનુભવ અક્કલની આરસી છે તેમાં દરેક કામનો પડછાયો દેખાઇ આવે છે. અનુભવ મેળવવા માટે લાંબો વખત લાંબી ઉમ્મર અને બીલકુલ નિશ્ચિંતતાની જરૂર છે.

---

# करार निष्ठा.

( Worship of contract. Vs. status. )

( લેખક. શેઠ. જેશીંગભાઇ પ્રેમાભાઇ મુ. કપડવણજ. )

જો કે પશ્ચાત્ય પ્રજા પાસેથી આપણને ઘણા ગુણો શીખવાના મલે છે છતાં પણ એટલું તો યાદ રાખવાનું છે કે ગુલાબ ચુંટવા જતાં તેના કાંટા આંગળીમાં ભોકાઇ જાય નહિ. ત્યાંની પ્રજાની પ્રકૃતિમાં કંટકની ગરજ સારનાર ફક્ત એકજ ગુણ તેઓની કરાર નિષ્ઠાજ છે અને તેને આપણે દ્વિવિધ દ્રષ્ટિથી અવલોકી શકીએ છીએ. પ્રથમ દ્રષ્ટિ આપણાં શાસ્ત્રોએ પ્રચલિત કરી છે જ્યારે બીજી દ્રષ્ટિ પશ્ચાત પ્રજાથી ઉત્પન્ન થઇ છે.

પ્રથમ દ્રષ્ટિ તે પ્રતિષ્ટા ( Status ) ની છે જ્યારે બીજી દ્રષ્ટિ તે કરાર ( Contract ) ની છે. પ્રથમ દ્રષ્ટિ સંમતિ વિષયક છે. પ્રથમ દ્રષ્ટિથી આપણા હ્રદયમાં પિતા, માતા, ગુરૂ, તેમજ અતિથી ઉપર માનની લાગણી ઉપસ્થિત થાય છે અને આથીજ આ બધાં પૂજા તરીકે સ્વીકારાય છે. આ પ્રમાણે પૂજા ભાવના અથવા સંમાન ભાવના નો પ્રથમ અંતઃકરણમાં ઉદય થાય છે અને તેથી તેને વ્યક્તિઓ ઉપર તે પ્રમાણે તે ભાવનાને અનુસરતિ પ્રવૃતિ થાય છે. જ્યારે બીજી દ્રષ્ટિથી મુખ્ય સંસારિક સબંધો કરાર ઉપર એટલે કે આપ લે ના સિદ્ધાંત ઉપર રચાયલા છે. માતાના અમુક હક અને અમુકજ કૃતવ્ય હોય છે, પિતાના અમુક હક તેમજ અમુક કૃતવ્ય હોય છે, પુત્રના અમુક હક અને અમુક ફરજ હોય છે, પત્નીનો અમુક હક તેમજ અમુક અધિકાર હોય છે. પ્રથમ દ્રષ્ટિ પ્રેમ ભાવના મય છે જ્યારે બીજી દ્રષ્ટિ જમા તથા ઉધાર બાજુ સરખી ગણે છે. આ માટે બંન્ને દ્રષ્ટિમાં આસમાન જમીનનું અંતર રહેલ છે માતાને માતા કહેવાથી પ્રેમ સબંધ સચવાય છે પણ પિતાની બૈરી કહેવાથી નિષ્ઠુરતા સુચવાય છે અને પ્રેમનો નાશ થાય છે તેમજ પિતાને પિતા કહેવાથી સંમાન દર્શાવાય છે પણ માતાના ધણી કહેવાથી જંગલી સ્વભાવ દ્રષ્ટિએ તરી આવે છે તેમજ હાંસીનો પ્રસંગ ઉત્પન્ન થાય છે.

આપણી પ્રજા પ્રથમ દ્રષ્ટિને માન આપતી આવી છે જ્યારે પશ્ચિમાત્ય પ્રજામાં પ્રધાનપણે બીજી દ્રષ્ટિને માન આપવાનું રહેલ છે. એથીજ એ તે પ્રજાનો ગુણ આપણી પ્રજાએ સંઘરવા યોગ્ય નથી. પ્રતિષ્ટાના સિદ્ધાંતનો અતિ ઉપચાર થવાથી અનેક અનર્થ ઉત્પન્ન થાય છે તેમજ કરારના સિદ્ધાંતનો અતિપ્રચાર થવાથી અનેક હાનિકારક પરિણામ નિપજે છે તેથી પ્રથમ દ્રષ્ટિથી ઉત્પન્ન થએલ અનર્થનેજ આપણે શરણ થવું એ વધુ યોગ્ય છે.

દાખલા તરીકે:—આપણે લગ્નને એક પવિત્ર સંસ્કાર તરીકે સ્વીકારીએ છીએ અને એ ગ્રંથીથી ગુંથાએલ વર વધૂનું જોડું કોઇપણ વખતે છુટું પડી શકતું નથી. આપણું આવું વર્તન હોવાથી આપણા દેશમાં લગ્નોચ્છેદક ધર્માસનો ( Divorce courts ) છુટા છેડાની અદાલતોની જરૂર નથી. આપણા શાસ્ત્રોમાં પ્રતિપાદન થએલ વિધિ પ્રમાણે આપણું લગ્ન થાય છે અને તેથી આપણો સંબંધ નીચેની વિધિ યુક્ત અવિચ્છેદક હોય છે. **આપણા લગ્ન વિધિથી પતિના પ્રાણ સાથે પત્નિના પ્રાણનું, પતિના મન સાથે પત્નિના મનનું, પતિના શરીર સાથે પત્નિના શરીરનું, જોડાણ થાય** છે અને આથીજ આપણી લગ્ન ગ્રંથી ઉચ્ચ સ્થિતિ ભોગવે છે.

આથી પશ્ચાત પ્રજાઓમાં લગ્ન સબંધ વીરીત છે. લગ્ન ગ્રંથી અતિશિથિલ છે, અને તેનું સ્વેચ્છાથી છેદન થઈ શકે છે. જો કે આપણામાં અનેક પરણેલાં જોડાં દુઃખથી રડવડતાં હશે તોપણ ત્યાંની પ્રજાએ છુટા છેડાની કોર્ટનો સદ્દભાવ છતાં પણ ત્યાંની પ્રજાએ શું વધુ પ્રાપ્ત કર્યું છે તે જગ જાહેર છે. પશ્ચાત વિદ્વાનો કે જેઓએ આર્ય લગ્ન ગ્રંથી અને તેઓની પોતાની લગ્ન સંસ્થાનું અવલોકન કર્યું છે તેઓ તો એવા નિશ્ચય ઉપર આવ્યા છે કે ખરેખરી રીતે જોતાં આર્ય લગ્ન ગ્રંથી ઉચ્ચ છે કારણ કે આર્ય લગ્ન સંસ્થામાં પ્રેમની દીવ્યતાના અંશો વિશેષપણે રહેલ છે અને તેઓની પોતાની લગ્ન સંસ્થાથીતો ઉલટું સ્વચ્છંદી વર્તનને ઉત્તેજન થતુ ભાસે છે. નીચેના જેવો દાખલો પશ્ચાત્ય પ્રજામાંજ બને છે. ત્યાંની એક પ્રસિદ્ધ વિદુષીને વિવિધ વિદ્વત્રત્નનો* સંગ કરવાની વૃત્તિ થઇ અને આથી તેને એક નવીન યોજના ઘડી કાઢી.

વિવિધ વિદ્વાનો સાથે લગ્ન સબંધીથી જોડાવાનો નિશ્ચય કરી તેને એક

---

* વિદ્વત્ રત્નનો

પ્રસિદ્ધ વિદ્વાન સાથે લગ્ન કર્યું અને તેની સાથે સંભાષણુનો આનંદ મેળવ્યો. આ આનંદ જેમ જેમ ઓછો થવા લાગ્યો કે તરતજ તેના સંબંધનો ઉચ્છેદ કરી અન્ય પ્રસિદ્ધ વિદ્વાન સાથે વિવાહયોગ કીધો અને આવીજ રીતથી તેણે વિધ વિધ વિદ્વાનો જોડે સંબંધ બાંધી પોતાનો માનસિક અધિકાર વધાર્યો. માનસિક લાભો મેળવવા એ તેનો મુખ્ય ઉદ્દેશ હોવાથી તેની આ પ્રકારની યોજનામાં વેશ્યાજેવી નિચપણુતાની કદાચિત આપણને આશંકા થાય તોપણ એટલું તો નક્કી છે કે આપણા દેશની રૂઢી પ્રમાણે આવો પ્રસંગ આપણા દેશમાં બનવાનો સંભવ નથી ને કદાચ બને તો તેપ્રતિ કેટલા તિરસ્કારની લાગણી દર્શાવાય તે કહી શકાય તેમ નથી. ત્યાંની પ્રજામાં આ બાબતમાં વ્યક્તિ અનિયંત્રિત હોવાથી આવા પ્રસંગથી ત્યાં બહુમાં બહુ તો થોડીક ચર્ચા થાય પણ આર્યાવર્ત તરફ તેઓને સખત અણગમો ઉત્પન્ન થશે નહિ અને તેથી તેઓ આર્યાવર્તને સખત ભાષામાં વખોડશે નહિ જ.

અન્ય ઉદાહરણ લઇએ. પ્રથમથીજ તે ચમત્કારિક છે અને અસંભવિત પણ છે છતાં પણ ત્યાંના એક પ્રતિષ્ઠિત પુરૂષના માસિકમાં ઉદાહરણ લેવાયલું હોવાથી, તેમ ત્યાંના રીત રિવાજો ઉપર લક્ષ આપતાં કદાચિત્ બન્યું હશે એમ સંભવે છે. જો કે આ ઉદાહરણ ઘણા જુના વખતનું છે તોપણ તેમાં આશ્ચર્ય ઉત્પન્ન કર્યા વિના રહે તેમ નથી.

ફ્રાન્સની એક સ્ત્રી વૃદ્ધાવસ્થામાં પણ અત્યંત અનુપમ સુંદર હતી. જો કે તેની ઉમ્મર ૭૦ થી ૮૦ વર્ષના આશરાની હતી તોપણ તેણી ૧૭–૧૮ વર્ષના જેવી જુવાન લાગતી હતી. આથી તેના ઉપર તેનો પોતાનોજ પૌત્ર આકર્ષાયો. તેમજ તેને વાસ્તે પ્રેમઘેલો બની ગયો અને તેથી તેણે તેની પોતાની દાદીનું માગું કર્યું ???? વાત આટલેથી અટકતી નથી.નાટક કરૂણા રસનો છે. દાદી ડાહી હતી. તેણે પ્રેમ આવેશમાં કીધેલ પૌત્રનું માગું ધિક્કારી કાઢયું. આથી પરિણામ એ આવ્યું કે પૌત્રે આપઘાત કીધો. ??? આથી અવધિ થઇ. આ દૃષ્ટાંત પશ્ચાત્ પ્રજાની કરારનિષ્ટા સ્પષ્ટ સુચવે છે. બજારમાં જેમ માલની લેવડ દેવડ થાય છે તેમજ પ્રેમની લેવડ દેવડ કરવાનો આ સિદ્ધાંત છે અને આવીજ પ્રેમભાવના પૌત્રના અંતઃકરણમાં દબાઇ ગઇ હતી. દાદી ડાહી ન હોત તો–તોબા ???

અત્યંત ખેદની વાર્તા એ છે કે આ કરારનિષ્ટા તે આડકતરી રીતે મદદ કરનાર આધુનિક સામાન્ય નિરીશ્વરવિજ્ઞાન ( Godless science & the multitude ) છે.

વિજ્ઞાન, આત્મીકશક્તિઓને માનતું નથી તેમ નથી. કારણ જે વિજ્ઞાનવિદ ધુરંધરો પોતાના મગજથી કલ્પના કરવાવાળા છે, પોતાની આંખથી અવલોકન કરવાવાળા છે, પોતાના હાથથી પ્રયોગ કરવાવાળા છે, તેમની મતિ વારંવાર કુંઠીત થઇ જાય છે, તેમને વારંવાર મનુષ્યનું અલ્પજ્ઞપણું સમજાય છે, તેમને વારંવાર ઇષ્ટસત્તા, પૂર્વજન્મ કર્મ, બંધન વિગેરેની ઝાંખી થાય છે. પરંતુ તેમની કલ્પનાના, અવલોકનના, પ્રયોગના લાભ ભોગવનાર સામાન્ય મનુષ્યની સ્થિતિ જુદાજ પ્રકારની હોય છે. સામાન્ય મનુષ્ય કંઇ રસોઈ બનાવવાનો શ્રમ લેતા નથી પણ તૈયાર રસોઇએ પાટલે ચઢી જવામાં તત્પર હોય છે. આથી પરિણામ વિપરીત આવે છે અને તેથી ઉપરની બાબતો જેવીકે ઇષ્ટસત્તા વિગેરે સામાન્ય મનુષ્યથી પડદામાં રહે છે. એવા મનુષ્ય વિજ્ઞાનનિરીશ્વર હોવાનો આછો સંભવ છે. નિરીશ્વરવિજ્ઞાન ઇંદ્રીય પ્રત્યક્ષનું પોષક છે અને પ્રતિભાનું વિધ્વંસક છે તેથી પ્રતિભા તેને સ્વાભાવિક રીતે શિથિલ કરનાર છે.

નિરીશ્વરવિજ્ઞાન અલ્પજ્ઞ તેમજ અલ્પ શક્તિમાન્ મનુષ્યને જોઇએ તે કરતાં ઉચ્ચ સ્થિતિઓ સ્થાપે છે. અહંતાનું પ્રાબલ્ય વધારે છે અને પારકાની લાગણીપ્રતિનું વલણ ઘટાડે છે. નિરીશ્વરવિજ્ઞાન જીવનની પદ્યમયતાને ( Poetry of life ) શુષ્ક ગદ્યમાં લાવી મુકે છે. વિજ્ઞાનનો હજુ સુધી આપણા દેશમાં પ્રચાર ન હોવાથી આપણે ભાગ્યશાળી છીએ. પણ આપણા અને પશ્ચાત્ પ્રજા વચ્ચેનો સંબંધ વધવાથી થોડે થોડે અંશે હવે આપણામાં વિજ્ઞાનનો પ્રચાર થવા લાગ્યો છે અને તેથી તેનો પૂર્ણ પ્રચાર થશે આપણાં જીવન લૂખાં ન બને એ આપણે ખાસ તપાસવાનું છે. ૐ **શ્રી ગુરુ.**

ઉદ્દેશઃ—વ્યવહારિક પ્રસંગને લેઇ આ લેખ લખેલ છે.

તા. ક. ઇષ્ટ સત્તા—આપણે શરીરથી આત્મા ભિન્ન વસ્તુ છે એમ માનીએ છીએ અને તેથી આપણે આત્મીકશક્તિઓને માનીએ છીએ, તેજ આત્મીકશક્તિઓ ત્યાંની પ્રજા શરીરથી આત્મા એવી કોઇ ભિન્ન વસ્તુ છે એમ સ્વીકારતી નથી. પરંતુ કહેતાં ઘણી ખુશી ઉપજે છે કે—હાલમાં તેઓનામાંના કોઇ કોઇમાં આપણા આર્યધર્મના સિદ્ધાંતોએ વાસ કરવા માંડયો છે અને તેથી કરી તેઓ હવે કબુલ કરવા લાગ્યા છે કે આત્મા એ શરીરથી ભિન્ન વસ્તુ છે અને પૂનર્જન્મ છે.

# कषाय चतुष्टय.

## मान.

( અનુસંધાન અંક દશમાના પાને ૩૦૧ થી. )

( લેખક બોખાભાઇ છગનલાલ શાહ. )

માનની ઇચ્છાવાળાઓએ હૃદયકમળમાં વિનયપરિમળ ધારણ કરવો જોઇએ છે. માનમળનો તો ત્યાગજ ઘટે છે. મોક્ષમાર્ગના નડતરરૂપ માનમહીધરને છેદવા ભેદવા માટે પ્રબળ હથીઆર વિનય વજ્ર છે. જે આત્માનો સ્વભાવજ છે. વિનય એજ વિદ્વાનનો અલંકાર છે. " વનો વેરીને વશ કરે" એ પ્રચલિત કહેણી પણ છે. માટે વિનયનો આદર કરો. ઉદયરત્નજી કહે છે.

વિનય વડો સંસારમાં, ગુણમાં અધિકારી રે<br>
માને ગુણ જાયે ગળી, પ્રાણી જોજો વિચારી રે—<br>
સૂકાં લાકડાં સારીખો, દુઃખદાયી એ ( માન ) ખોટો રે<br>
ઉદયરત્ન કહે માનને, દેજો દેશવટો. રે રે જીવ! માન ન કીજીએ.

માનને દેશવટાની સજા કરનાર વિનયજ છે. વિનયનો જ્યાં નિવાસ ત્યાંથી માનનું તો શું પણ માનના આભાસનું પણ સત્યાનાશજ છે માટે વિનય ધારણ કરવો ઉચિત છે. પોતે કોણ છે, પોતાનું શું કર્તવ્ય છે, જુદી, જુદી વ્યક્તિપ્રત્યે, વ્યક્તિના સમુહપ્રત્યે, જ્ઞાતિ, દેશને દુનીઆપ્રતિ પોતાની શી શી ફરજો છે તે વિચારવું અને તેનો અમલ કરવો તે વિનય છે. વડીલો, ગુરૂજનો, દેવાધિદેવની આજ્ઞાઓ, વિગેરેનું બહુ માન અને તેમના ફરમાનોનું પ્રવર્તન તે વિનય છે અને તેવો વિનય કદી પણ માનને નજીક આવવા દેતો નથી. વિનયવાન્ કહે છે કે " **बालादपि हितंग्राह्य** બાળકથી પણ હિત ગ્રહણ કરવું. કહો હવે માન રહ્યું ક્યાં ? ટુંકામાં આત્માનું તેવું અહિત કરનાર માન નહિજ જોઇએ. વિનયસદ્‌ગુણથી સ્વાભાવિક સાંપડતું ઉત્કૃષ્ટ માન ભલે હો ! કે જે પ્રકૃતિરૂપે હોય છે, વિકૃતરૂપે નહિ.

અત્રે પ્રશ્ન થાય છે કે સ્વજાતિઅભિમાન, સ્વદેશાભિમાન ને સ્વધર્માભિમાન રાખવું કે નહિ ! ઉદય અને અવનતિની બે જુદી વૃત્તિઓને માનતરીકે ઓળખાવી છે. પોતાની જ્ઞાતિ, પોતાનું કૂળ, પોતાનો દેશ, અને પોતાનો ધર્મ એનો કેમ ઉદય થાય તેવી ઉચ્ચ અભિલાષા તેજ માન–તેજ પ્રશસ્તમાન ભલે હો! પરંતુ હમારો દેશ પુરો છે, હમારા દેશજેવો બીજો

કોઇ છેજ નહિ, હમારા ધર્મમાં હાલ કશી ખામી દેખાતીજ નથી વિગેરે માન તે પોતાની સ્થિતિને તેટલેજ અટકાવનાર છે અને તે માન હાનિકારક છે માટે તેવું માન ન હો !

કેટલાક મનુષ્યો પૈસા તથા લાગવગ કે સત્તામાં અંધ બની અભિમાનના રોડલે ચઢી જઇ, સાક્ષાત્ અભિમાનનાંજ પૂતળાં બની આગળ પાછળનો એટલે સ્વપર હિતાહિતનો વિચાર નહિ કરતાં પોતાનો, કૂળનો, જ્ઞાતિનો, ગામનો દેશનો કે સકળ સંઘના કાયદા કાનુનોનો વિચાર નહિ કરતાં સ્વચ્છંદી પગલાં ભરે છે તેઓ ભલે ગમેતેવા હોય તોપણ તેમની તુચ્છ તુચ્છ દશા થાય છે અને દુનીઆમાં ફિટ્ ફિટ્ થાય છે. માનરૂપી ભાલો તેઓને ચારે બાજુથી વિંધે છે.

માટે જેઓને કેવળ કલ્યાણુનીજ ઇચ્છા હોય તેઓએ માનનો સદંતર ત્યાગ કરવો. વિનયવડે વિભૂષિત રહેવું અને વખતે ભૂલથી માન થઇ જાય તો ઉપયોગ રાખી તેના પ્રાયશ્ચિતરૂપ સજા સહી લેવી. અભ્યાસથી માન મંદ પડી જશે અને તેના ફંદમાત્રનું નિકંદન વળતાં આત્મા કેવળ વિનયરથન્દન ( વાહનરથ ) થી મુક્તિમાર્ગની મુસાફરી નિર્વિઘ્નપણે કરી શકશે.

હવે. મી૦ માયાજી માટે આવતા અંકની મુદત

---

# कर्मप्रकरण.

## " ईश्वर सृष्टिनो कर्त्ता नथी "

( અનુસંધાન અંક ૧૧ ના પાને ૩૫૫ થી )

( લેખક. શંકરલાલ ડાહ્યાભાઇ. કાપડીઆ. )

આપણે પ્રથમ બતાવી ગયા કે કોઇપણ ઉપાદાન કારણવિના કાર્યની અસ્તિતા નથી અને ઇશ્વરને સૃષ્ટિનું ઉપાદાન કારણ ગણતાં તે સત્યતરીકે ઠરી શકતું પણ નથી છતાં કોઇ આગ્રહ કરીને એમ કહે કે ઇશ્વરની શક્તિ એ આ જગત્રચનાનું ઉપાદાન કારણ છે. વારૂ. ત્યારે અમો તે બંધુને પૂછીએ છીએ કે જ્યારે ઇશ્વરની શક્તિ એ જગત્રચનાનું ઉપાદાનકારણ છે ત્યારે તે શક્તિ ઇશ્વરથી ભિન્ન છે કે અભિન્ન છે. જો ભિન્ન છે તો તે જડ છે કે

ચેતન છે. જો જડ છે તો તે નિત્ય છે ? કે અનિત્ય છે. હવે જો નિત્ય તરીકે સ્વીકારીશું તો તેથી તેમનામતમાં વિરોધ આવશે. કારણકે તેઓનું જે ધારવું છે કે સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં કેવળ ઇશ્વરજ હતા બીજું કાંઇ ન હોતું તે ખોટું ઠરે છે. વળી જો અનિત્ય છે એમ કહેવામાં આવે તો તેથી કરીને એમ સાબિત થશે કે તે શક્તિનું ઉપાદાનકારણ કોઇ બીજા ઇશ્વરની શક્તિ ઉપાદાનકારણ થશે. વળી તે શક્તિને ઉત્પન્ન કરનાર પાછું બીજું ઉપાદાનકારણ માનવું પડશે. આમ અનવસ્થાદોષનો પ્રસંગ આવશે. જો કદાચ ચેતન માનવામાં આવે તો તેથી પાછો સવાલ ઉત્પન્ન થાય છે કે તે નિત્ય છે કે અનિત્ય છે. તો આથી કરીને પણ પૂર્વોક્ત માફક વ્યાહત અને અનવસ્થાનું દુષણ લાગશે. આતો ભિન્ન માનવામાં આવે તેનાં દુષણો બતાવ્યાં. હવે અભિન્ન માનવામાં આવે તો સર્વે વસ્તુને ઇશ્વરતુલ્ય કહેવી જોઇએ. જેમ ઘડાનું ઉપાદાનકારણ માટી, માટે ઘડો જેમ માટીમય છે તેમ જગત્ પણ સઘળું ઇશ્વરતુલ્ય ઠરી શકે. હવે જો આપણે સર્વે ચીજો ઇશ્વરતુલ્ય માનીએ તો પછી ભલું, બુરૂં, સ્વર્ગ, નર્ક, પુણ્ય, પાપ, ધર્મ અધર્મ, ઉચ્ચ નિચ, રંક રાજા, સુશીલ, દુશીલ, પ્રજા, રાજા, ચોર, સાધુ, સુખી, દુઃખી, વિગેરે સર્વે ઇશ્વર પોતે બન્યા તો પછી ઇશ્વરે જગતને શું રચ્યું ? આથીતો બહુ વિચારવાયોગ્ય કલંકોનો આવિર્ભાવ થાય છે. પ્રથમ તો પોતે પોતાનો નાશ કરવાનું દુષણ પ્રતિપાદન થાય છે. વળી સર્વે જગત્ જ ઇશ્વિરમય જ્યારે હતું ત્યારે શાસ્ત્રરચના કરવાની પણ જરૂર શી પડી અને તેને જાણવાથી પણ ફળ શું ? આવી રીતે ઘણાં દુષણો લાગી શકે છે માટે અભિન્ન પણ ઠરી શકતી નથી અર્થાત્ સૃષ્ટિ રચવામાં ઇશ્વરની શક્તિ કારણભુત છે એ માનવું તે હવામાં કિલ્લા બાંધવા સમાન છે.

વળી કોઇ એમ પ્રતિપાદન કરે કે ઇશ્વર તો સર્વે શક્તિવાળા છે માટે ઉપાદાનાદિ કારણની સામગ્રીવિના પણ જગત્ ઉત્પન્ન કરી શકે છે. આ વાત પણ કદિ સંભવતી નથી. કારણકે ઉપાદાનાદિ કારણોની સામગ્રીવિના કોઇ કાર્ય બની શકતું જ નથી છતાં મતાગ્રહના લીધે એમ સ્વીકારી લેઇશું તોપણ તેમાં દુષણ લાગીશકે છે. કારણકે સૃષ્ટિની પહેલાં જો ઉપાદાનાદિ સામગ્રીરહિત કેવળ શુદ્ધ એક ઇશ્વર સિદ્ધ થાય તો સર્વેશક્તિમાન સિદ્ધ થાય અથવા જો સર્વેશક્તિમાન સિદ્ધ થાય તો શુદ્ધ એક ઇશ્વર સિદ્ધ થાય. આ એમાંથી જ્યાંસુધી એક સિદ્ધ ન હોય ત્યાં સુધી બીજું સિદ્ધ થાય નહિ. આવી રીતે તેમાં **ચક્રકદુષણ** યાતો **ઇતરેતરાશ્રય** દુષણનો વજ્ર પ્રહાર થાય છે.

માટે ઉપાદાનાદિ કારણોની સામગ્રીવિના ઇશ્વર જગતને ઉત્પન્ન કરી શકે છે તેપણ માની શકાતું નથી.

વળી કોઇ એમ પ્રતિપાદન કરે કે ઇશ્વરે પોતાની ઇશ્વરતા પ્રગટ કરવાને આ જગત્ રચ્યું છે.

આ સબંધી વિચાર કરીશું તો તે પણ બુદ્ધિમાં આવી શકતું નથી. કારણકે ઇશ્વરે જ્યારે પોતાની ઇશ્વરતા પ્રગટ કરી નહોતી ત્યારે અર્થાત્ જ્યાં સુધી જગતરચના કરી નહોતી ત્યાંસુધી તેમનો મનોરથ પુરો થએલો ના હોવો જોઇએ. વળી ઉદાસ પણ વખતે ધારી શકીએ તો તે અયુક્ત ગણાય નહિ. કારણકે આપણે સ્વાભાવિક રીતે વિચાર કરીશું તો આપણને જણાશે કે જ્યાં સુધી મનુષ્યોની ધારેલી ધારણા પાર પડેલી હોતી નથી ત્યાં સુધી સ્વાભાવિક તેમના ઉત્સાહનો સંકોચ દ્રશ્યમાન થાય છે. આ ઉપરથી એમ પણ સિદ્ધ થઇ શકે કે સૃષ્ટિની રચના પહેલાં ઇશ્વર દુઃખી હતા. જો પોતે દુઃખી હતા તો પોતે સર્વશક્તિમાન થઇ દુઃખી કેમ બેસી રહ્યા, આ સૃષ્ટિ પહેલાં બીજી સૃષ્ટિ રચી પોતાનું દુઃખ કેમ ન દુર કરી શક્યા? માટે જો ઇશ્વરે સૃષ્ટિ રચી તેની તરફેણમાં આ દલીલ માનીશું તો ઇશ્વર સર્વશક્તિમાન છે તેમાં દુષણ આવશે.

વળી કેટલાક બંધુઓ એમ માને છે કે ઇશ્વરે સર્વે જીવોને ધર્મ કરાવવાને વાસ્તે યાતો તેમને સુખી કરવાને વાસ્તે પરોપકારના લીધે આ સૃષ્ટિ રચી છે. કારણકે **परोपकाराय सतां विभुतयः** સંત પુરૂષોની લક્ષ્મી–વિભૂતીઓ તે પરોપકારને અર્થે છે. આ માનવામાં પણ મોટો વિરોધ આવશે. કારણકે જે જીવો પાપ કરી નર્કમાં જાય તેમના ઉપર ઇશ્વરે શો ઉપકાર કર્યો? કદાચ એમ કહેશો કે ઇશ્વર ફરી તેમને સ્વર્ગમાં દાખલ કરશે. આતો એક મોટા આશ્ચર્યની વાત કહેવાય. કારણકે જ્યારે નરકમાંથી ઉદ્ધાર કરી ફરી સ્વર્ગમાં સ્થાપન કરશે ત્યારે પ્રથમ નરકમાં મોકલવાનું પ્રયોજન શું?

વળી કેટલાક બંધુઓ કહે છે કે ઇશ્વર સર્વે પાપ પુણ્ય કરાવે છે જીવોને આધિન કશું નથી. ઇશ્વર જે ચાહે છે તે કરે છે. જેમ કાચની પુતળીને પુતળીવાળો નચાવી શકે છે તેવીજ રીતે આ જગત્‌ને ઇશ્વર તેની મરજી મુજબ કરે છે. હવે આપણે જો આ બાબતમાં કેટલી સત્યતા ગંભીત છે તે વિષે વિચાર કરીશું તો આપણને સ્પષ્ટ માલમ પડશે કે જ્યારે જીવોને આધિન કશું નથી ત્યારે જીવો સારાં યા નઠારાં કર્મ કરે તેનું ફળ

પણ તેમને નહીં હોવું જોઇએ, દાખલાતરીકેઃ—કોઇ સરદાર પોતાના માણુ-સને અમુક કામ કરવાનો હુકમ કરે, પરંતુ તે કામ અયોગ્ય હોય ને કરાવે અને તેમાં અંતે જયવારો ન આવે તો શું તે સરદાર તે માણુસનો દંડ કરશે ? કોઇ દિવસ નહિ. તેવીજ રીતે જ્યારે ઇશ્વરની આજ્ઞાનેજ આધીન થઇ જીવો સારાં યા નઠારાં કૃત્ય કરે તો પછી જીવોને સ્વર્ગ નર્ક પણ ના હોય. તેમ જીવોને દેવતા, મનુષ્ય, નારકી તીર્યંચમાં પણ અવતરવાનું રહે નહિ તો પછી સંસાર તો ક્યાંથી જ હોય અને જ્યારે સંસાર પણ ન હોય તો ધર્મશાસ્ત્રો પ્રમુખ શાસ્ત્રો પણ ક્યાંથી હોય અને જ્યારે શાસ્ત્ર ન હોય તો તેના ઉપદેશક પણ સંભવી શકે નહિ. આમ જ્યારે ઉપદેશક પણ ન સંભવી શકે તો ઇશ્વર પણ ન હોય અને જ્યારે ઇશ્વર પણ ન હોય તો આ જગત્ શુન્ય સિદ્ધ ઠર્યું. શું આ કલંક કદિ મટે ? માટે ઇશ્વરની આજ્ઞાને આધીન રહી જીવો કર્મ કરે છે એ કહેવું તે રેતી પીલી તેલ કાઢવા જેવું છે. પાણી વલોવી માખણુ લેવાની આશા સદશ છે.

વળી કોઇ એમ કહે છે કે આ જગત્ તો બાજીગરની બાજી છે અને તેમાં ઇશ્વર બાજીગર છે. જગતને રચીને ખેલ ખેલે છે—લીલા કરે છે. સ્વર્ગ, નર્ક, પાપ, પુણ્ય કશું છેજ નહિ. આમ માનવું પણ ગર્ધ્વાનાં શિંગ તેના જેવું છે. કારણુકે ઇશ્વરે જ્યારે ક્રીડાને માટે જગત્ રચ્યું છે તો તેનું ફળ માત્ર ક્રીડાજેવુંજ હોવું જોઇએ. પરંતુ તેમ–દસ્યમાન તો થતું નથી. ઘણા દુઃખી, ધનહિન, દરિદ્રી, બળહીન, દુઃખી એવા પુરૂષો નજરે પડે છે. તો પછી ઇશ્વરને તેમના ઉપર દયા નહિં આવતી હોય ! જો તેમના દિલમાં દયા ન હોય તો તેઓ નિર્દયી ઠરે અને જો તે ક્રીડા કરે છે તો તે બાળકના જેવા રાગી દ્વેષી, અજ્ઞ છે અને જ્યાં રાગ દ્વેષનો સદ્ભાવ છે ત્યાં સર્વે દુષણુ હોઇ શકે છે. તો પછી એ સંસારી જીવ ઠરે છે. ત્યારે તેમને સર્વજ્ઞ યા ઇશ્વર કહેવા તે પણ અન્યાયયુક્ત છે. માટે આ જગત્ બાજીગરની બાજી છે અને ઇશ્વર તેનો બાજીગર છે તે લીલા કરે છે એ માનવું ભૂલ ભરેલું છે.

વળી કેટલાક બંધુઓ કહે છે કે ઇશ્વર પ્રાણીઓને તેમના પાપ પુણ્ય-ના અનુસારે ફળ દે છે. જે જેવું કરે છે તેને તેવું ફળ આપે છે માટે તેમાં કંઇ ઇશ્વરને દોષ લાગી શકતો નથી. આમ પ્રતિપાદન કરવાથી આ સંસાર અનાદિસિદ્ધ થાય છે. પરંતુ ઇશ્વર કર્તા થતો નથી. કારણુકે જીવોને જે આ ભવમાં ફળ મળે છે તે પર ભવાથી છે. વળી પૂર્વજન્મમાં જે સુખ દુઃખ પ્રાપ્ત થએલું તે વળી તેની પહેલાંના ભવાથી હોવું જોઇએ.એવી રીતે પૂર્વ જન્મમાં સુખ દુઃખ કરે છે ને ઉત્તરોત્તર જન્મમાં સુખ દુઃખ

ભોગવે છે. એથી કરીને આ સંસાર અનાદિસિદ્ધ થાય છે તો પછી સ્હેજ વિચાર કરતાં માલૂમ પડે છે કે આ જગત્ તે ઇશ્વરે શી રીતે બનાવ્યું.

આટલી દલીલોથી પણ સંતુષ્ટ ન થતાં કદાચ કોઇ દુરાગ્રહ કરીને કહે કે પૃથ્વી, પર્વત, વૃક્ષાદિક એ કોઇ બુદ્ધિવાળાએ રચેલાં છે. પરંતુ આ પણ અયુક્ત છે કારણ કે તે તેમના અનુમાનમાં વ્યાપ્તિનું ગ્રહણ થઇ શકતું નથી, અને જે હેતુ થાય છે તે સર્વત્ર વ્યાપ્તિમાં પ્રમાણ કરીને સિદ્ધ કરેલા સાધ્યનો ગમક થાય છે. દાખલાતરીકે અમો તે બંધુને પૂછીએ છીએ કે જ્યારે ઇશ્વરે જગત્ રચ્યું ત્યારે તે ઇશ્વર શરીરસહિત છે કે શરીરરહિત છે. જો શરીરવાળા છે તો તે આપણાજેવા શરીરવાળા છે કે પિશાચાદિના જેવા અદ્રસ્ય શરીરવાળા છે. જો પ્રથમ પક્ષ માનવામાં આવે તો તેમાં મોટો વિરોધ આવશે. કારણ કે ઇશ્વરવિના પણ પોતાની મેળે ઉત્પન્ન થતી બીજી ચીજો જેવીકે તૃણ, વૃક્ષ, ઇંદ્રધનુષ દેખવાથી **अनित्य शब्द प्रमेयत्वात्** જેમ પ્રમેયત્વ હેતુ સાધારણ અનેકાંતિક છે તેમ કાર્યત્વ હેતુ પણ સાધારણ અનેકાંતિક છે. વળી જો આપ બીજો પક્ષ સ્વીકારશો કે ઇશ્વરનું શરીર દેખાતું નથી તો તે ઇશ્વરના મહાત્મ્યને લેઇને દેખાતું નથી કે હમારા પુણ્યની ઓછાશને લેઇને દેખાતું નથી કે હમારા ખોટા કર્મના પ્રભાવને લેઇને દેખાતું નથી ? જો આપ એમ કહેશો કે ઇશ્વરના માહાત્મ્યને લેઇને ઇશ્વરનું શરીર દેખાતું નથી તો તેના માટે કોઇ પણ પ્રમાણ છે ? તો કે નથી તો જ્યારે પ્રમાણ નથી તો તેમાં **इतरेतराश्रय** દુષણ આવશે. કારણ કે ઇશ્વરનું મહાત્મ્ય વિશેષ સિદ્ધ થાય તો ઇશ્વિર અદ્રસ્યશરીરવાળા સિદ્ધ થાય અથવા ઇશ્વર અદ્રસ્ય શરીરવાળા સિદ્ધ થાય તો ઇશ્વરનું મહાત્મ્ય વિશેષ સિદ્ધ થાય. આમ દોષ ગર્ભિત છે. કદાચ પિશાચાદિના જેવું માનીએ તો તો તેમાં વળી મોટી શંકાનો પારજ રહેતો નથી. કારણકે ઇશ્વર નથી કે જેથી તેમનું શરીર પણ દેખાતું નથી ? એ તો વાંઝણીના પુત્રના સદ્રશ સરખું થાય છે. કદિ કોઇ કહે કે ઇશ્વર શરીરરહિત છે તો તો દ્રષ્ટાંત અને દ્રાષ્ટાંતિક એ બે વિષમ થઇ જાય અને હેતુ પણ વિરૂદ્ધ થઇ જાય કારણ કે ઘટાદિક કાર્યોના શરીરવાળા કુંભારાદિક દેખાય છે માટે ઇશ્વરને જો શરીરરહિત માનવામાં આવે તો તે કંઇ પણ કાર્ય કરી શકે નહિ. આકાશ જેમ નિત્ય અને અક્રિય છે તેવી રીતે ઇશ્વર પણ અકર્ત્તા માનવો જોઇએ.

આટલા હેતુથી શરીરસહિત તથા શરીરરહિત ઇશ્વરની સાથે કાર્યત્વ હેતુની વ્યાપ્તિ સિદ્ધ થતી નથી. તથા વાદીનો હેતુ જે **कालात्ययापादिष्ट** છે

તે પણ વાદીના સાધ્યના ધર્મીના એક દેશ વૃક્ષ, વિજલી, વાદળ, ઇંદ્રધનુષાદિનો કર્ત્તા બી કોઇ બુદ્ધિવાન્ દેખાતો નથી એટલા વાસ્તે વાદીનો હેતુ **कालात्यया पदिष्ट** જે છે એ તેના કાર્યત્વહેતુથી બુદ્ધિવાન ઇશ્વર જગતનો કર્ત્તા કદિ નથી ઠરી શકતો.

વળી કોઇ એવી આશંકા કરે છે કે અભિમત ફળને સંપાદન કરવાને વાસ્તે કોઇ પ્રવૃત્ત થાય તો તેનો અધિષ્ટાતા કોઇ જરૂર હોવો જોઇએ. જેમ વાંસલો, આરી પ્રમુખ શસ્ત્ર કાષ્ટના બે ટુકડા કરવાને પ્રવૃત છે તેમ સર્વે જગતને જે સુખ દુઃખાદિ ફળ દે છે તેનો અધિષ્ઠાતા કોઇ બુદ્ધિવાન હોવો જોઇએ. આપ એમ કદિ નહીં કહી શકો કે વાંસલો અને આરી પોતાની મેળે કાષ્ટના ટુકડા કરવાને પ્રવૃત્ત થાય છે કારણ કે તે તો અચેતન છે. આપ પણ ક્યાંથી પ્રવૃત્ત થઇ શકો ! કદાચ એમ કહેશો કે વાંસલો તથા આરી પ્રમુખ સ્વભાવથી પ્રવૃત થાય છે તો તે સદાય પ્રવૃત હોવા જોઇએ કોઇ દિવસ તેમાં સ્ખલના પડવી જોઇએ નહિ. એવી રીતે પૂર્વે કહ્યા તે હેતુ મુજબ પોતપોતાના ફળને સાધવાવાળા જીવ છે તેનો કોઇ અધિષ્ટાતા હોવો જોઇએ તથા બીજું એમ પણ અનુમાન થાય છે કે પરિમંડળ આદિક ત્રંશ, ચતુરંશ, સ્થાનવાળાં ગામ, નગર આદિક છે એ સર્વે જ્ઞાનવાનના કર્યાથી બનેલાં છે. જે ઘટાદિક પદાર્થ તેમ પૂર્વોક્ત સંસ્થાન સંયુક્ત પૃથ્વી, પર્વત પ્રમુખ જે છે તેથી પણ જગતકર્ત્તા ઇશ્વર સિદ્ધ થાય છે. આ પ્રમાણે વાદીનું કથન છે. પરંતુ જો આપણે આ સંબંધી આલોચના કરીશું તો આપણને સ્પષ્ટ માલમ પડશે કે આ વાદીનું માનવું કેવળ અયુક્ત છે કારણ કે સંપૂર્ણ આ જગતની વિચિત્રતા છે તે કર્મના ફળને લેઇને છે. એમ અમારૂં તો ચોકસ માનવું છે. અમારો તો એજ મુદ્રાલેખ છે. આ હિંદુસ્તાનમાં અનેક દેશોમાં, અનેક ટાપુઓમાં, અનેક હેમવંત આદિ પર્વતોમાં અનેક પ્રકારના મનુષ્યાદિ પ્રાણીઓ વાસ કરી રહ્યા છે અને તેમને સુખ દુઃખાદિ અનેક જાતની જે વ્યવસ્થા જોવામાં આવે છે તે સર્વે અવસ્થાઓના કારણભૂત કર્મ છે તે સિવાય બીજું કંઇ નથી. દેખવામાં પણ કર્મ કારણ લાગે છે. કારણ કે જો કોઇ પુણ્યવંત રાજા રાજ્ય કરતો હોય છે તો તેના દેશમાં સગાળ જોવામાં આવે છે તથા પ્રજામાં પણ ઉપદ્રવ જોવામાં આવતો નથી. આ બધું રાજાના કર્મના શુભ પ્રભાવ વડે બને છે. તેમ સર્વે જીવોને કર્માનુસાર ફળ મળે છે. કર્મ જે છે તે જીવોને આશ્રીત છે અને જે જીવ છે તે ચૈતન્યવાળો હોવાથી

બુદ્ધિમાન છે માટે બુદ્ધિવાળા જીવને આધિન કર્મ છે. આથી કરી જે વાદી **સિદ્ધ સાધન** માને છે તે કેવલ ભૂલ ભરેલું છે. કદાચ જો એમ પ્રતિપાદન કરવામાં આવે કે વિશિષ્ટ બુદ્ધિવાળાને અમો સિદ્ધ કરીએ છીએ ત્યારે પાછો સવાલ ઉત્પન્ન થાય છે કે શું સામાન્ય બુદ્ધિવાળા જીવ શું સિદ્ધ નથી કરતા ? માટે આપતું જે દૃષ્ટાંત છે તે સાધ્ય વિકળ છે. વાંસલા આદિ પ્રમુખમાં ઇશ્વર અધિષ્ઠિતનો વ્યાપાર ઉપલંભ નથી થતો પણ કુંભારાદિકનો વ્યાપાર તીહાં અન્વયવ્યતિરેક તરીકે ઉપલબ્ધ છે. માટે આ સર્વે ઉપરથી સાર એ લેવાનો છે કે ઇશ્વર જગતનો કર્ત્તા કદિ ઠરી શકતો નથી. કદાચ કોઇ વ્યાજબી પ્રમાણુ વિગેરેથી સાબિત કરી આપશે તો તે મહાશયનો પૂર્ણ ઉપકાર માનીશું.

તા. ક. આ બાબતનું વિશેષ સ્પષ્ટિકરણ કરવા ઇચ્છનારે **श्रीमद्विजयानंदसूरी कृत्य** જૈન તત્વાદર્શ તથા ચિકાગો પ્રશ્નોત્તર માળાના ગ્રંથો જોવા.

---

# आत्मा तारुं शुं छे? ते विचार.

(લેખક. શેઠ. વીરચંદભાઇ કૃષ્ણાજી. મુ. પુના)

ચેતનજી ચેતો કોઈ નથી દુનિઆમાં તારૂં
મિથ્યા માને છે મારૂં મારૂં રે.—ચેતનજી૦ ૧
લાખ ચોરાશીમાં વાર અનંતિ, દેહ ધર્યા દુઃખ પામી,
મળીયો માનવ ભવ હાર ન આતમ, ઉદ્યમમાં રાખ નહિ
ખામી રે—ચેતનજી૦ ૨
કાયારે બંગલો મુસાફિર જીવડો, જોને તું આંખને ઉઘાડી,
ઉચાળો અનધાર્યો ભરવો રે પડશે, પડયાં રહેશે ગાડી
વાડી રે—ચેતનજી૦ ૩
રામ રાવણ ને પાંડવ કૌરવ, મૂકી ચાલ્યા સહુ માયા,
બણી ઠણી શું ફુલી ફરે છે, પડતી રહેશે તારી
કાયારે;—ચેતનજી૦ ૪
માયા મમતા ને આલસ છાંડી, ધ્યાન ધરો સુખકારી,
**બુદ્ધિસાગર** સદ્દગુરૂના પ્રતાપે, પામો જીવ ભવપા રીરે—ચેતનજી.૫

આત્માનું શુદ્ધ નિશ્ચયનયથી વિચારતાં જગતમાં કોઇ નથી. માટે હે ચેતન! તું ચેતીલે-સમજી લે. દુનિયાના સર્વે પદાર્થો ક્ષણિક છે. નાશવંત છે અને તે મુકી તારે ચાલ્યા જવાનું છે. લાખ ચોરાશીના ફેરામાં ફરતાં અનંતો કાળ ગયો ને નવા નવા દેહરૂપી બંગલા બનાવી અનંતા નાટકના રૂપે વેશ ભજવવામાં આવ્યા તોપણ હજુ પાર આવ્યો નથી. રામ, રાવણ, પાંડવ, કૌરવ જેવા શુરવીર પુરૂષો સહુ મહેલ, વાડી, બંગલા બગિચા વિગેરે સર્વે માયીક વસ્તુઓને ત્યજીદેઇ આ ફાની દુનિયા છોડી ગયા છે તો જીવ તારે જવું તેમાં તો શી નવાઈ છે? કાળનો ઝપાટો જુદો છે. અણુધાર્યો વખતે એકદમ જવું પડશે ને તું જે અહીંઆં મારૂં તારૂં કરે છે તે સર્વે પડતું રહેશે. છેવટે તારી કાયા જેને પાળીપોષી અનેક જાતની રસવતી ખવડાવી, ધાતુ, પાક વિગેરેથી મજબુત કરવાની કાળજી રાખી, સુખાસનમાં સુવાડી, તું દરરોજ સારવાર કરે છે તે પણ છેવટે બળીને ખાખ થઈ જવાની છે, તો પછી સાથે શું આવશે તેનો વિચાર કર. આ રીતનો ઉપદેશ આપીને સદ્ગુરૂરાજ **श्रीमद् योगनिष्ठ श्रीबुद्धिसागरजी** મહારાજ કહે કેઃ–હે ચેતન ! ચેત ચેત. માનવભવ મળેલ છે તેનું સાર્થક કરી લે.

તેરકાઠીઆ જે આળસ વિગેરે તારી પાછળ પડેલા છે તેને ઉદ્યમ કરી દુર હઠાવ. ઉદ્યમમાં ખામી રાખીશ તો તારૂં કાંઇ વળવાનું નથી માટે સદ્ગુરૂની સહાયતાથી એવો તો ધર્મધ્યાનનો ઉદ્યમ કર કે ફરી જન્મમરણનો ફેરો ટળીને અજરામર સ્થાનક જે મુક્તિપુરી તેમાં સાદિ અનંતે ભાંગે અવ્યાબાધ જે આનંદ સુખ છે તે પ્રાપ્ત થાય.

અહો સુજ્ઞ જનો ! વિચારો વિચારો કે ફક્ત એક નાનકડા ભજનમાંથી કેટલો ગહન અને ઉપયોગી તેમ અંતરની ખુમારી વધારનારો સાર નીકળે છે તેનો વિચાર આપજ કરશો.

એટલું તો ચોકસ છે કે જે ભાગ્યશાળી પુરૂષો હશે તેઓજ મહારાજશ્રીનાં લગભગ ૧૪૦૦ પંદરસો ભજનો બનાવેલાં છે તો તે વાંચી ધારી તેનો સાર હૃદયમાં ઉતારતા હશે. તેઓને આનંદની ખુમારી કેટલી આવતી હશે. વિશેષ શું કહીએ. કે નાટકવાળાઓ પણ ભજનોને વૈરાગ્ય રસનો પાઠ ભજવતી વખતે ગાવા લાગ્યા છે ને તેથી લોકો આનંદ માને છે.

વિશેષમાં ગુજરાત તરફ તો ઘણુંભાગે ખેડુતવર્ગ તેમ અન્ય લોકો એકતારો તથા મંજીરા લેઇ ઠામ ઠામ મહારાજશ્રીનાં ભજનો ગાતા જોવામાં આવે છે. આવી રીતે શુષ્ક ભણેલ વર્ગ, તેમ અન્ય દર્શનીઓની પ્રીતિ તથા

પ્રેમ વધેલો જોવામાં આવે છે તો આવિષે સ્વધર્મી બંધુઓને જરૂર ધ્યાન આપવાનું છે. દરેક ભજનો એક એકથી ચઢીઆતાં છે. તેમાં બાળજીવો હોય તે તેમની બુદ્ધિના પ્રમાણે સાર ખેંચે છે. તેથી ચઢીઆતા જીવો વ્યવહાર ધર્મમાં પ્રવર્તવાની શુભ માર્ગની બાબતો ખેંચી તેમાં આનંદ માને છે ને જેઓ અધ્યાત્મજ્ઞાનના પૂર્ણ રસીયા છે તેઓ તો અંદરથી ખરૂં રહસ્ય ખેંચીને અમૃત રસમય આનંદ કેટલો ભોગવતા હશે તે વાત કલમથી કેવી રીતે લખાય. કારણકે એ વાત અનુભવગમ્ય છે. પાણી મીઠું છે કે ખારૂં તે તો ચાખેથી જ માલમ પડે છે માટે તે વાત આ વૈખરી વાણીથી વર્ણવી જાય તેમ નથી. ઈંગ્લાંડના અમીરોની રિદ્ધિનું સુખ, હિંદુસ્તાનમાં રહેનાર એક નાના ગામડાના માણસના જાણવામાં આવે નહિ તેમજ મુગા માણસે સાકર ખાધી હોય તો તેના સ્વાદનું બીજાને શું કહીશકે ? માટે તે અમૃત રસનો સ્વાદ તો જ્ઞાનીઓજ જાણે. જ્ઞાન વિના અન્યોના સમજવામાં આવતો નથી, આવ્યો નથી ને આવવાનો પણ નથી. હવે પ્રથમ કહેવામાં આવ્યું છે કે સદ્‌ગુરૂની સહાયતાથી ધ્યાન કરો તો ભવસમુદ્રને ઓળંગી પાર પામશો માટે ધ્યાનસંબંધી વિચાર કરીએ. ધ્યાન સંબંધી વિચાર કરતાં ધ્યાનના ભેદો પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ, રૂપાતીત તેમ બીજા ભેદો પણ આર્તધ્યાન રૌદ્રધ્યાન ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ રીતે ઘણા ભેદો બતાવી જ્ઞાનીઓએ જન્મ મરણનો ફેરો ટાળવાને માટે અન્ય જીવોના ઉપકારની ખાતર અથાગ મહેનત કરી છે. તેઓના પરિશ્રમની ખામી નથી. તેઓ જ્ઞાન પામ્યાનું સાર્થક કરે છે; કરી ગયા છે તેમ ભાવિકાળે પણ કરશેજ. માટે તેઓની બલીહારી છે. આ પંચમ કાળમાં સાક્ષાત્ સંપૂર્ણ જ્ઞાનીઓના અભાવે સદ્‌ગુરૂનો તેમ જ્ઞાનનો મોટો આધાર છે. તેમજ શાસ્ત્રોમાં અનેક પ્રકારે જુદી જુદી રીતે અસંખ્ય યોગ કહેવામાં આવ્યા છે. તેમાંથી કોઇ જીવ ગમે તે એક યોગનું અવલંબન લેઈ ભાગ્યશાળી નિવડે છે. ધ્યાનના માર્ગો ઘણા બતાવ્યા છે, તેમાંથી હાલના સમયમાં ધર્મધ્યાનનો આધાર પ્રાણીઓને વધારે છે. તો તે વિષે કિંચિત્ કહું છું.

ધર્મ ધ્યાનના ચાર પ્રકાર છે. તેમાં આજ્ઞા વિચય, અપાય વિચય. વિપાક વિચય, સંસ્થાન વિચય. આવા ચાર પ્રકારો કહેલા છે. તેમાં વીતરાગ પરમાત્માને જ્ઞાને જે. જે સ્વરૂપ દેખાયું તે પ્રમાણે ઉપદેસ્યું ગણધર દેવોએ-દ્વાદશાંગી રૂપે ગુંથ્યું તેમાં છ દ્રવ્યના ભાવ, નિગોદાદી સ્વરૂપ જે રીતે છે તે રીતે પૂર્ણ શ્રદ્ધાથી ખરૂ સમજીને તેને વિચારે. જેના રાગદ્વેષ ગયા છે.

તથા સંસાર સાથે કાંઇ સંબંધ નથી તેઓને અસત્ય કહેવાની જરૂર શી હોય ? માટે જે જે ભાવ કહ્યા છે. તેને સત્ય છે, ખરૂ છે, ને લગાર માત્ર પણ મનમાં શંકા રાખે નહી. તેને આજ્ઞાવિચય કહે છે

અપાયવિચય તે આ જીવ અનાદિકાળથી કર્મવશ બંધાયેલ છે ને તેથી સંસારરૂપી અપાય ( હરકત ) માં ફસાયેલ છે. કર્મને જો દૂર હઠાવું તો ખરૂં સ્વરૂપ કેમ નહી પામું ? નિશ્ચયનયથી મારો સ્વભાવ શુદ્ધ ચિદાનંદમય છે. અરૂપી અસંખ્યપ્રદેશી આત્મા શુદ્ધ બુદ્ધ છે. તેમ શાશ્વતો છે તથા અજરઅમર છે તેથી કોઇ દિવસ ખરવાનો નથી. આવી રીતે મારૂં શુદ્ધ સ્વરૂપ છતાં હું સંસાર ત્યાગવાની ઇચ્છા નથી રાખતો તે મારી ભુલ છે. સંસાર કારાગૃહ–તુરંગના જેવો છે તેમાંથી છુટવાનો વિચાર હમેશ રાખે પણ કર્મની બહુળતાએ છોડી શકે નહી તેથી ઊપાય નહી પણ ભાવના સદાય તેવી રાખે તેને અપાય વિચય કહે છે.

વિપાકવિચય તે વિપાકો સંસારી જીવોને અનેક પ્રકારે છે તેમાં મુખ્ય તો કર્મ રાજાજ દરેક ઠેકાણે પાઠ ભજાવે છે. આત્માના આઠ ગુણો જે સિદ્ધસ્થાનમાં જતાં સહચારી છે. તે ગુણોને કર્મે દબાવી રાખ્યા છે, કર્મના આગળ જોર ચાલતુ નથી. કારણ કે પૂર્વે બાંધેલ છે તે તો ભોગવ્યાવિના છુટકો નથી પણ અઢારે પાપસ્થાનોએ કરી જે નવાં કર્મ આવવાનો માર્ગ છે તેના પ્રતિ સાવધ રહીને નવાં કર્મો નહી બાંધે તેવી રીતે ઉપયોગથી વર્તે તેને તેને વિપાક વિચ્યય કહે છે.

સંસ્થાનવિચય તે આ ચૌદ રાજલોકની અંદર આકાશના અસંખ્યાતા પ્રદેશ છે તેમ ધર્મ અધર્મના પ્રદેશો અસંખ્યાતા છે. આકાશના પ્રત્યેક પ્રદેશે આ જીવે અનંતીવાર જન્મમરણ કર્યા તથા અનંતા પુદ્ગલ પરમાણુઓ લીધા અને મુકયા તોપણ આ જીવનો સંસારપરિભ્રમણનો પાર આવ્યો નહી માટે જન્માદિ આવા દુઃખોને હું ફરી નહી પામું તેવો વિચાર હૃદયમાં કાયમ રાખે ને ઉચ્ચપણું પ્રાપ્ત થએલ છે તે પાછો નીચો ઊતરે નહી. તેવાંજ કાર્યો કરવામાં વર્તણુક રાખે એ રીતે ધર્મધ્યાંનના મુખ્યચાર પાયા બતાવેલ છે તેનો વિસ્તાર લખતાં લખાણુ વધી જાય માટે યતકિંચિત્ અત્રે લખવામાં આવ્યું છે. ઇચ્છાનુસાર જીજ્ઞાસુઓએ અન્ય ગ્રંથોથી જોઇ લેવું.

જ્ઞાની પુરૂષો તો સાલંબન ધ્યાન ઘણા પ્રકારે કરે છે તેમાં મુખ્યધ્યાન આત્માના ગુણોમાં ચિંતવના રાખીને ઊપયોગની ધારા અખંડ તેલધારાવત્ રાખવાના માટે મન વચન અને કાયાથી મહેનત કરે છે, શુદ્ધ દ્રષ્ટિ એ

તેઓનું સાધ્ય બિન્દુ છે તે નહી ચુકાય તે બદલ પુરીકાળજી રાખે છે. શુદ્ધ દ્રષ્ટિની ધારા ચાલતી હોય તે વખતે અન્ય બાહ્ય પદાર્થોમાં લક્ષ હોતું નથી તો તે વખત કર્મો જરૂર ખરવા માંડે છે ને તેથી રાગદ્વેષ પણ દૂર રહે છે. નવાં કર્મો આવવા પામતાં નથી તેથીજ શુદ્ધ દ્રષ્ટિતરફ તેઓનું ધ્યાન સંપૂર્ણ હોય છે, જ્ઞાનીઓ ખાય છે, પીએ છે, હાલે છે, ચાલે છે, બોલે છે, એ રીતે અનેક પ્રકારે વ્યવહારીક કાર્ય કરે છે પણ સાધ્યબિંદુ તેઓનું કાયમ રહે છે ને તેના પ્રત્યેથી લક્ષ ચુકતા નથી સહઅવધાનીની માફક બુદ્ધિની તિક્ષ્ણતા થાય છે ને તેથી કર્મ પાતળાં પડતાં જાય છે અને તેથી ગુણુસ્થાનક ઉપર ચઢવાના રસ્તા તેઓને સુજતા જાય છે. સંસારી જીવોની માફક પડતાં આલંબન તેઓને મળતાં નથી. પડતાં આલંબન મહા અનર્થ કરનારાં છે, માટે મુમુક્ષુ જીવોએ તેનો ત્યાગ કરી હમેશ ધર્મને પુષ્ટિ કરે તેવાંજ આલંબનની સહાયતા રાખવી. જોકે સંસારી જીવોને ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચારે વર્ગ તરફ લક્ષ રાખવાનું છે પણ તેમાં સત્ય શું છે અને અસત્ય શું છે તે સમજી કાર્યાકાર્યનો વિચાર કરી લક્ષ્યબિંદુ પરોવવામાં આવે તો ઉત્તરોત્તર ઘણા ફાયદાઓ થાય ને અંતે જરૂર સદ્ગતિ પ્રાપ્ત થાય. સંસારી જીવો કરતાં અનેકગુણે કરી જ્ઞાનીઓ ચઢતા છે. અને તેથી કરી તેમના વિચારો વિશુદ્ધ અને તેમની ઉચ્ચ ભાવનાના બળે તેઓ મોક્ષ પ્રતિ જલ્દી પ્રયાણ કરે છે. વળી તેઓ મનને સદા એવી શિખામણ આપે છે કે તુ જો ખોટા વિચાર કરીશ તો તને આ દેહરૂપ કેદમાંથી કોઇ દિવસ કર્મ છોડનાર નથી અને તેથી આપોઆપ મન આત્મ સન્મુખ થાય છે. ઘણા કાલથી આર્તધ્યાન અને રૌદ્ર ધ્યાંનના વિચારો જેને કરેલા છે તેનો પરિગ્રહી સંસ્કાર વધી ગએલો છે તેથી એકદમ આત્માના સન્મુખ મન થતું નથી અને કુદાકુદ કરે છે પણ તે જ્ઞાનીના કબ્જામાં આવે છે. ધર્મ ધ્યાંન, શુકલ ધ્યાનના વિચારમાં રહી જ્ઞાનીઓને મન પૂર્ણ સહાય કારક બને છે તે એટલે સુધી કે ક્ષપકશ્રેણિ એ ચડી બારમા ગુણઠાણાને ઓલંઘી કેવલ જ્ઞાન જ્યારે પામે ત્યારે તેને ચેન પડે છે; અહો જ્ઞાનીઓની તીક્ષ્ણતાતો જુવો કે મનને કેટલું કબજામાં લે છે. માટેજ તેઓ શુદ્ધ દ્રષ્ટિની ધારા કાયમ રાખે છે. જો કે કોઈ વખત શુદ્ધથી શુભ દષ્ટિમાં આવતા હશે પણ ઉપયોગની તીવ્રતાએ પાછા ઠેકાંણે જતા હશે માટેજ જ્ઞાનીઓને રસ્તે ચાલી બાયલાપણુ મુકી સૂરવીર થઇ ઉપાધીને હઠાવી મમત્વનો ત્યાગ કરી વિષયો પ્રતિની આશક્તતા છોડી ક્ષમા સરલતાનો માર્ગ હૃદયમાંથી નહી ખસેડી સંસારી વસ્તુની ક્ષીણતા જાણી પરમાત્મસ્વરૂપના આનંદની પ્રાપ્તિના

માટે શુદ્ધ દ્રષ્ટિથી પ્રયત્ન કરવો. પાંચ પ્રકારના શરીરની ક્રિયાઓને પુદ્ગલની જાણી તેનાથી જુદુ અરૂપી આત્મતત્વ જ્ઞાનાનંદમય છે તેમ જ્ઞાનાદિ ગુણવાલો છે ને આ શરીરરૂપ સ્કંધોમાં રહે છે પણ નિશ્ચયથી ન્યારો છે. અનીતિ પ્રાપ્તિ કરવા પ્રવૃત્તિ કરવી જોઇએ. વ્યવહાર તરફ લક્ષ રાખી શુભ ક્રિયામાંથી શુદ્ધ ક્રિયામાં નિશ્ચય દ્રષ્ટિથી વર્તણુક થાય તેવું ધારવું જોઇએ. વધારે શુ કહીએ. આત્મા પોતેજ બલવાન થાય તો જરૂર કાર્ય થાય. પોતે જાણે છે કે આ જગતના પદાર્થો મૂકી અંતે જવું પડશે. આવી રીતે જાણતા છતાં ઉદ્યમની ખામી રાખે છે તેમાં દોષ ફક્ત આત્માનો છે કારણ કે તે પ્રમાદ કરે છે. માટે સર્વ પ્રકારનું કાયરપણુ મુકીને જરૂર શુરવીર થવું તે પાંચ સમવાય કારણમાં ઉદ્યમની બાહાદુરી બતાવી છે. આ જગત્માં આત્મા શીવાય નિશ્ચય દ્રષ્ટિથી મારૂં કાંઇ નથી એવી રીતે ભજનનો સાર સમજી આત્મધ્યાનના ઉદ્યમમાં જરૂર લક્ષ આપવું, ધ્યાન એજ ઉંચી ગતિમાં ચઢવાના માટે મુખ્ય ઉપાય છે તો જરૂર ધ્યાનપ્રતિ લક્ષ્ય આપી બને તેટલો ટાઇમ ધર્મધ્યાનમાં રોકવો. ૐ **श्रीगरुः**

---

# विचारशुद्धि.

( લેખક. શંકરલાલ ડાહ્યાભાઇ. કાપડીઆ. )

સ્થળ, સ્થિતિ, અને પ્રસંગાદિને લઈને મનુષ્યોના વિચારો ભિન્ન ભિન્ન કલ્પવામાં આવેછે.

વિચાર ઉંચ, નિચ, શુભ, અશુભ, સુદ્ધ, વિસુદ્ધ, નિશ્ચલ, ચંચળ, પવિત્ર, અપવિત્ર, વગેરે મનુષ્યોની મનોસૃષ્ટિમાં કારણ મળતાં સંકલ્પ વિકલ્પરૂપે ઉદ્દભવે છે. જે જે પ્રસંગે મન જે જે સંજોગોમાં ભમતું હોય તેને અનુકરણીય વિચારો સ્વાભાવિક રીતે આવી જાય છે. જેવા સ્થળમાં મનુષ્યો પ્રવેશ કરે તેવા પ્રાયે કરી તેના વિચારો થઇ શકે છે. દાખલા તરીકે દહેરાસર, ઉપાશ્રય આદિ ધાર્મિક સ્થળોમાં બેશીએ તો આપણને ધર્મના વિચારો આવે છે, યુદ્ધશાળામાં જઇએ તો યુદ્ધના, વિષયાદિક ઉત્પન્ન થાય તેવા સ્થળોએ જઈએ તો વિષયવિકારના, શાંતિના સ્થળમાં જઇએ તો શાંતિના, સ્મશાનમાં જઇએ તો વૈરાગ્યના, વગેરે જેવા જેવા સ્થળોએ આપણે જઇએ તેવા તેવા આપણને વિચારો આવે છે અને તદ્દરૂપ કર્મો બંધાય છે. માટે મુમુક્ષુ જનોએ હું કયે સ્થળે જાઉંછું તેનો વિચાર કરીને જ તે સ્થળે જવું

જેથી કર્મબંધન થાય નહિ. ધામીકાદિ સ્થળોએ જવાથી ધાર્મિક વિષયના તેમ વિષયાદિક ઉત્પન્ન કરે તેવા સ્થળોએ વિષય વિકારના વિચારો થાય છે તેનું કોઈ પુછે કે શું કારણ હશે ? તો તેનું વાસ્તવિક કારણ એ છે જે ધામીક આદિ સ્થળોમાં શિષ્ઠ પુરૂષોએ યાતો ભક્તજનોએ ઇશ્વર સ્તુતિ ભજન વગેરે સદ્‌ભાવનાઓ કરેલી હોય તેથી તેમની મનોવર્ગણાના સદ્ પુદ્‌ગલો ત્યાં ખરેલાં હોય તેથી તે આપણા વિચારોને શુદ્ધ કરે છે તેવીજ રીતે વિષયવિલાશી પુરૂષોની મનોવર્ગણાના પુદ્‌ગલો વિષયાદિક ઉત્પન્ન થાય તેવી જગ્યાએ ખરેલાં હોય જેથી વિષયના વિકારોની ઉત્પતિ થાય, માટે સ્વાત્મ ઇષ્ટ ઇચ્છનાર જનોએ એવા સ્થળોએ જવું કે જેથી પોતાના વિચારો શાંત, શુદ્ધ ને પવિત્ર રહે આથી કરીને દરરોજ દહેરાસર ઉપાશ્રય જવું, જાત્રાઓ ખાસ કરી ઘણી કરવી એવું ફરમાન આપણને શાસ્ત્રથી કરવામાં આવ્યું છે કે જેથી કરી આપણા વિચારોની વિસુદ્ધિ જલદીથી થઇ શકે.

સારાનરસા વિચારોનો આધાર મનુષ્યની સ્થિતિ ઉપર પણ રહેલો છે. બાલ્યાવસ્થા, યુવાવસ્થા, અને વૃદ્ધાવસ્થા વખતે માણસોની અવસ્થાને અનુસરીને વિચારો થાય છે. મનુષ્યોની આર્થીક સ્થિતિ તરફ જોઇશું તો જ્યારે ગરીબસ્થિતિ હોય છે તેના કરતાં તવંગર સ્થિતિએ તેના વિચારો તદન ભિન્ન હોય છે. ગરીબસ્થિતિ વખતે માણસના આજીવિકા આદિ દુઃખના કારણે કેટલીક વખત સારા વિચારો ટકી શકતા નથી પરંતુ ભાગ્યશાળી કે કોઇ વીરલા પુરૂષો પોતાનો સદ્‌વિચાર તેવા પ્રસંગે પણ કાયમ રાખી શકે છે. સુખ વખતે કે દુઃખ વખતે મનુષ્યો જો પોતાના સારા વિચારોને દ્રઢતાથી વળગી શકે છે તો તેનું અંતે તેને ફળ મળ્યાશિવાય રહેતું નથી. દાખલા તરીકે સીતાજીને જે વખતે રાવણ લઇ ગયો હતો તે વખતે પોતે અથાગ મહેનતે અને ઘણા કષ્ટે શિયલનું જતન કર્યું તો છેવટે સતિ તરીકે પ્રખ્યાત થયાં અને સર્વલોક માનનિય થયાં. શુદર્શન શેઠે રાણીના પાસમાં ન પડતાં પોતાનું બ્રહ્મચર્ય ટકાવી રાખ્યું તો છેવટે તેમને સૂળીની જગાએ સોનાનું સીંહાસન થયું. સત્યવાદી રાજા હરિશ્ચંદ્રે પોતાનો શ્રેષ્ટ વિચાર ટકાવી રાખ્યો તો છેવટે સત્યવાદી તરેકે અમરનામ સંપાદન કર્યું. માટે ફાવે તેવી સ્થિતિ હોય તોપણ શુભાશય ઇચ્છનારજનોએ પોતાના શ્રેષ્ટ વિચારોનું રક્ષણ કરવું. સત્સંગથી વિચારો વિમળ થાય છે તેમ કુસંગથી વિચારો બગડે છે. સત્સંગનું વર્ણન કરતાં મર્હુમ સાક્ષર ઝવેરી ડાહ્યાભાઇ ધોળશાજી લખે છે કે " સત્સંગત અતિશ્રેષ્ટ શિરોમણિ લોહું કંચન થાશે.

માટે જેવા સબંધમાં આપણે રહીએ તેવી તેવી દિશામાં આપણા મનો વિકારો દોડે છે. સત્સંગતથી નિશ્ચે સદ્જ્ઞાન ઉદ્ભવે છે. નિત્ય સારી ભાવનાઓનો હૃદયમાં અભિનિવેશ થાય છે. આપણી આસપાસ જો સદ્વિચારોનું વાતાવરણ હોય તો મોક્ષમાર્ગના પ્રયાણમાં વિશ્વનો વિકટ માર્ગ સુધો થઇ પડે છે. માટે પોતાનું ભલું ઇચ્છનાર જનોએ સર્વદા સારી સોબતમાં રહેવું. યુરોપીયનોની સરખામણીમાં આપણે દેશીઓ, ઘણેભાગે વિદ્યા, હુન્નર, સાયન્સ વગેરેની બાબતોમાં પાછા હઠીએ છીએ. તેનાં જો કે ઘણાં કારણો છે તોપણ તેનું મૂળ કારણ આપણે તપાસીશું તો આપણને માલુમ પડશે કે આપણાં કુમળી વયનાં બાળકોને આપણે જેવા જોઇએ તેવા સંજોગોમાં નથી રાખી શકતા એજ છે. કારણકે બાળકોનાં મગજ બહુ કુમળાં હોય છે. માટીની અંદર પાણી રેડીએ તે જેમ માટી ભિતર પ્રવેશ કરી લેછે તેવી રીતે બાળકોના મગજ ઉપર વિચાર પડતાં તે તરત ગ્રહણ કરી લેછે. જેવી નાનપણમા સારા સંસ્કારોની છાપ પડે છે તેવી મોટી વયે બાળક થતાં જેમ પત્થર ઉપર પાણી રેડ્યું હોય તો તે ભિતર પ્રવેશ કરી શકતું નથી, તેમ તેમના મગજો ઉપર અસર થવી બહુ દુર્લભ થઇ પડે છે. માટે નાનપણમાંથીજ વિદ્યાર્થીની મનોભૂમિની અંદર સદ્વિચારનાં બીજ વાવવાં ને તેમને સત્સંગમાં રાખવાં જેથી કરી વિચાર શુદ્ધ થાય. માટે વિચારશુદ્ધિ ઇચ્છનાર મનુષ્યે સત્સમાગમ સાધવો એ ડહાપણ ભરેલું છે.

પ્રસંગને લઇને પણ વિચારો સારા નરસા થઇ શકે છે. માણસ વખતે દિલગિરીના પ્રસંગે સગા સ્નેહીના મરણના લીધે રાગ દશામાં લુબ્ધ થઇ કનિષ્ટ વિચાર કરે છે જેથી આત્મધન હણે છે તેમજ સાંસારિક માંગલિક પ્રસંગોમાં પણ માણસ શુદ્ધ વિચારનું સાધ્યબિંદુ ભૂલી જઇ અશુભ વિચારોમાં આનંદથી આસકત થાય છે. આવી રીતે પ્રસંગ એ પણ વિચાર બદલવાનું સાધનભૂત ગણીશકાય. આત્માર્થી પુરૂષો કોઇપણ પ્રસંગે રાગદ્વેષમાં લુબ્ધ નહિ થતાં પોતાનું કાર્ય કરે છે. બારિક નિરિક્ષણથી પણ સદ્ વિચારો થઇ શકે છે, કોઇ વસ્તુનુ અંદરથી જ્ઞાન મેળવવાથી તે વસ્તુ પછીથી દઢ થાય છે. એક વખતે દઢ થઈ એટલે ભવિષ્યમાં પાછી તે ને તે રૂપે કાયમ રહે છે. આ સ્થળે બારિક નિરિક્ષણ એટલે કોઇપણ વસ્તુના ગુણપર્યાયની જ્ઞાન બળવડે તુલના કરવી તે છે.આવી રીતે વિચારશુદ્ધિનાં સેંકડો કારણો દષ્ટિગોચર છે. માટે આપ્તજનોએ જે માર્ગ ભાંખ્યો હોય, તે માર્ગે આત્માર્થી જીવોએ

પ્રયાણ કરવું. કારણકે " **महाजनो येन गतः स पंथाः** " તેથીજ કરીને મનના અધ્યવસાયો શ્રેષ્ટ થઇશકે છે. કોઇપણ ખરાબ વિચાર કરતાં પ્રથમ વિચાર કરવો કારણકે વિચારની સાથે બંધ પડે છે. વળી બંધ તાદાત્મિક છે ને તે પડયો એટલે ભોગવ્યા શિવાય છુટકો થવાનો જ નથી. " હસતાં તે જીવડો કર્મ બાંધે રોવંતાં છુટે નહિ " મનુષ્યો કેટલીક વખત વિનાલેવા દેવા પણ રમત ગમતમાં મશ્કરીમાં કર્મ બાંધે છે. એટલું ચોકસ યાદ રાખવું કે. **પરિણામે બંધ અને પરિણામે મોક્ષ** છે. જે જે પુરૂષો જેવા જેવા અધ્યવસાય કરશે તેનું ફળ આ ભવમાં તેમ ભવાંતરમાં પણ ભોગવવું પડશે માટે બંધ પાડતા પહેલાં બહુજ વિચાર કરવાનો છે. એક સ્થળે કહ્યું છે કે, " બંધસમે જીવ ચેતીએ, આખર નવી ઉચાટ " આ આપ્ત પુરૂષોના વાકયોને પ્રમાણભુત ગણીને કોઈપણ સ્થળે, કોઇપણ સ્થિતિએ કોઇ પણ સમાગમે, કોઇપણ પ્રસંગે, કોઇપણ નિરિક્ષણાદિ પ્રસંગે માણસોએ સદ્‌વિચાર કરવા. ૐ **श्रीगुरु.**

---

# काव्य पुष्पमाला.

( **લેખક.** શેઠ જેશીંગભાઇ પ્રેમાભાઈ. મુ. કપડવણજ )

## પ્રભુપદ પામવા વિરાગ અપેક્ષા.

ધર તું દ્રઢ વિરાગ રે; પ્રભુપદને નીરખવા,
બાહ્ય દ્રષ્ટિ ભટકે જ્યાં લગી, પ્રકટે ન પ્રભુમાં રાગ રે. પ્રભુ૦
ઉપજ્યા વિણ અનુરાગ પ્રભુમાં, મળશે નહિ નિત્યસુખ વિલાસરે. પ્રભુ૦
નિત્યસુખ વિણ ભુખ સુખની ન ભાગતિ, શમતિ ન ચિત્તની આગ રે. પ્રભુ૦
ચિત્તવ્યગ્રતા ત્યાગી સત્વર, તત્વ વિચારે જાગરે. પ્રભુ.
બાહ્ય રમણતા ત્યાં ચિત શુદ્ધિ ના, હંસ ન ત્યાં જેમ કાગરે. પ્રભુ.
જરૂર હોય જો ધ્યાન તણી તો, બાહ્ય રમણતા ત્યાગરે. પ્રભુ.
વિરાગ નયનાંજન આંજીજો, પ્રભુપદમાં સુખવિલાસરે. પ્રભુ.

## વૃદ્ધાવસ્થામાં પ્રભુ ભક્તિ અશકય છે.

પ્રભુભજન ન કરીશકીશ ઘડપણમાંરે
ઘડપણમાંરે ક્ષીણ તનમાંરે— પ્રભુ.
વિષય વાતોથી તું ન વારતો, આવ હવે સમજણમાંરે. પ્રભુ.
વિષયસુખ મોહે અમલ સુખ ત્યજતો, ભુલ પડી ઘડપણમાંરે. પ્રભુ.

દુઃખ દેનારૂ સુખ વિષયોમાં, સત્સુખ પ્રભુસ્મરણમાંરે. પ્રભુ.
એને બાળયુવા ભોગવીશ તો, રહીશ ન કોઈ વર્ણમાંરે. પ્રભુ.
ભોગ વિષય પશુઓ પણ ભોગવે, ફર કાંઇ અધીક આ (મનુષ્ય) ભવમાંરે પ્રભુ.
ગાફલ રહી વિષયોન્મત્ત થઇ કાં, મારે ઘા તું જ ચરણમાંરે. પ્રભુ.
**જયસિંહ** કહે પ્રભુ ભજ ભાઇ સવેળા, તરણ ચહે જો ભવરણમાંરે. પ્રભુ.

**વિષયના દુગ્ધા.**

ભ્રમથી ભૂલ્યો હું આટલી વારરે
હું તો પકવાન જાણી ત્વરાથી ગયો
જાતાં થયો દુઃખી અપારરે
જ્યારે જોઇ મેં તો જારરે.
કમલ પુષ્પ ત્યજી પોયણાં લીધાં હર્ષે હાથ
હંસ ત્યજીને કાગનો–કીધો તો સંગાથ
(હવે) ગુરૂકૃપાથી મેં જાણ્યું બધું
અદ્યાપિ જે દુધ ત્યજી નીર પીધું
ત્યજી તે ઉધું હવે મેં ગ્રહ્યું સીધું.
વ્હાલુ પ્રભુને દ્વારરે—ભ્રમ.

ૐ શ્રી ગુરુઃ

# वचन संयम.

(લેખક.—એક જૈન ગ્રેજ્યુએટ.)

It is well to speak little; better still to say nothing, unless you are quite sure that what you wish to say is *true, kind* and *helpful.* Before speaking, think carefully whether what you are going to say has those three qualities; if it has not, do not say it. *

Alcyone.

---

* જેમ બને તેમ થોડું બોલવું તેમાં જ સાર છે. જે કાંઇ તમે કહેવા ઇચ્છતા હો, તે સત્ય, પ્રિય અને ઉપયોગી છે, એની તમારી પૂરેપુરી ખાત્રી થાય ત્યાં સુધી મૌન ધારવું એજ શ્રેષ્ઠ છે. કંઇપણ બોલવા પહેલાં આટલો વિચાર બરાબર કાળજી પૂર્વક કરજો કે હું જે બોલવા ઇચ્છું છું તેમાં સત્યતા, પ્રિયતા અને ઉપયોગીપણાનો ગુણ છે. જો તે ત્રણ ગુણો ન હોય તો મુદ્દલ બોલતા જ નહિ. —**એલકીઓની**

આ જગત્ તરફ દ્રષ્ટિ કરતાં અને વિશ્વની રચનાનો બારીક અભ્યાસ કરતાં એમ સહજ અનુમાન થાય છે કે આ જગતમાં ઘણાખરા ક્લેશો વચન ઉપર કાબુ નહિ રાખવાથી ઉત્પન્ન થાય છે. ઘણા મનુષ્યોને પશ્ચાતાપ સાથે એમ બોલતા આપણે સાંભળી છીએ કે. " મેં જો જરાસરખો વિચાર કર્યો હોત તો હું તે કટુ વચન બોલ્યો નહોત મેં તે શબ્દનો ઉચ્ચાર કરવામાં બહુ ભુલ કરી; મારો તો એમ કહેવાનો ભાવાર્થ પણ નહતો પણ તે શબ્દ મારાથી બોલાઇ ગયો અને અમારી ઘણા વર્ષની મૈત્રીનો આમ અણધાર્યો અંત આવ્યો." આવો પશ્ચાત્તાપ શું સુચવે છે ? આ ઉપરથી આપણે શો બોધ ગ્રહણ કરવો જોઇએ ? કોઇપણ શબ્દ કે વાક્ય આપણા મુખમાંથી બહાર નીકળે તે પહેલાં તે ઉપર પુષ્કળ વિચાર કરવોજોઇએ. વિચાર્યા વગર એકપણ શબ્દ નહિ બોલવાની ટેવ પાડવી જોઇએ.

તરવારનો કારીઘા પણ વખત જતાં રૂઝાય છે. પણ શબ્દનો ઘા હૃદય-સ્પર્શી હોવાથી લાંબા વખત સુધી રહે છે; અને કટુ વચનથી જુદાં પડેલાં હૃદયો ભાગ્યેજ પુનઃ એકઠાં થતાં જોવામાં આવે છે. તુટેલી દોરીના કકડા એકઠા કરવામાં આવે તો તે એકદોરી જેવા લાગે પણ અંદર ગાંઠતો રહેછેજ તેમ એકવાર કોઇપણ કારણ સર બોલી, પેલા કટુ વચનથી જુદાં પડેલાં હૃદયો કદાચ એકઠાં થાય, છતાં પૂર્ણ મનનો મેલ દૂર ગયો હોય તેમ જોવામાં આવતું નથી.

કલાપી યથાર્થજ કહે છે કે:

" રે ! રે ! શ્રદ્ધા ગતથઇ પછી કોઇ કાળે ન આવે,<br>
" લાગ્યાં ઘાને વીસરી શકવા કાંઇ સામર્થ્ય ના છે. "

વચનથી થતા પાપના ચારપ્રકાર પાડી શકાય:—

(૧) કોઇને પણ દુઃખ થાય તેવું કડવું વચન બોલવાથી.

(૨) હૃદયે જે માનતા હોઇએ તે વિરૂદ્ધ અસત્ય બોલવાથી.

(૩) પારકી ચાડી કે નીંદા કરવાથી.

(૪) સબંધ વગરનાં ગપ્પાં મારવાથી અને આરીતે બીજાં કામોમાં ઉપયોગી લાગે તેવો સમય નકામો ગુમાવવાથી. હવે આ ચાર મુદ્દાપર આપણે જરા વિસ્તારથી વિચાર કરીએ.

(૧) પ્રથમ પ્રકારનું પાપ વચનથી ન થાય તેમાટે દરેક વચન બોલતાં પહેલાં આપ્રમાણે વિચાર કરવો. શું મારૂં વચન કોઇ ને પીડા ઉપજાવવાનું છે કે તે પ્રીતિ ઉપજાવનારૂં છે. ! જો તે વચન બીજાને પીડા ઉપજાવનારૂં

લાગે તો તે નજ બોલવું. શબ્દમાં શત્રુતા તથા મૈત્રી કરવાનું સામર્થ્ય રહેલું છે, શબ્દો પ્રીતિ કે વૈર કરાવે છે. માટે કોઇ પણ શબ્દ મુખમાંથી બહાર નીકળે તે પહેલાં ઉપરનો સવાલ જરૂર મનને પુછવો. કડવા શબ્દથી સામાનું હૃદય કેવું ચીરાય છે, તેનો કદાપી તમે વિચાર કર્યો છે ? તમે તેની જગ્યાએ હો અને તમને તમારો ઉપરી કે બીજું કોઈ કડવું તીર જેવું વચન કહેતો તમને કેવું લાગે તે વિચારો; એટલે સામા મનુષ્યનાં હૃદયનો તમને કાંઇક ખ્યાલ આવશે, ક્રોધથી અથવા દ્વેષથી બોલાયલા શબ્દોમાં જેવી રીતે કટુતા વસે છે; તેવીજ રીતે પ્રેમના શબ્દોમાં માધુર્ય રહેલું હોય છે. સુખની વૃદ્ધિ કરનાર, દુઃખીને દિલાસો આપનાર, આનંદના ખજાના રૂપ પ્રેમ–દયાના શબ્દો છે. માટે જો તમારે બોલવુંજ હોયતો તેવા પ્રીતિ ભર્યાં શબ્દો નો ઉચ્ચાર કરજો, નહિ તો સર્વથા મૌન ધારણ કરજો પણ આ જગત જે દુઃખમય છે તેને તમારા કરવાશ ભરેલા દ્વેષના વચનોથી વધારે દુઃખી બનાવતા નહિ.

( ૨ ) કેટલાક મનુષ્યોને એવી ટેવ હોય છે કે પોતે જ હૃદયથી માનતા ના હોય તેના વિરૂદ્ધની વાત પણ સત્ય તરીકે પ્રતિપાદન કરે છે. લોકોની ખોટી ખુશામત કરીને લોકોની પ્રીતિ સંપાદન કરવાના હેતુથી અથવા તો પોતે જે સત્ય તરીકે માનતા હોય તે જાહેરમાં પ્રગટ કરવાની નૈતિક હીંમત નહિ હોવાથી આમ બને છે, પણ આ એક ગંભીર દોષ છે. જે મનુષ્ય ઉપર ઘણા મનુષ્યો વિશ્વાસની નજરથી જોતા હોય તે મનુષ્ય પોતાના હૃદયની માન્યતા વિરૂધ્ધ ઉપદેશ આપે અને લોકો તે ઉપદેશ પ્રમાણે વર્તવાને દોરાય તો તેથી જે વિપરિત પરિણામ આવે તે સર્વને માટે ઉપદેશક જોખમદાર છે. ઉતરાધ્યયન સુત્રમાં લખ્યું છે;—

" શિષ્યે વગર પુછયે બોલવું નહિ. " પુછે ત્યારે અસત્ય બોલવું નહિ, માટે બોલવું તો સત્ય બોલવું નહિતર મૌન ધારણ કરવું, કારણ કે અસત્ય ઉપદેશમાં મહા દોષ છે. માટે કોઇ પણ વચન બોલતાં પહેલાં પોતાની જાતને આ બીજો સવાલ પુછવો કે " જે હું બોલું છું તે સત્ય છે કે અસત્ય ? અને આના જવાબમાં પોતાના હૃદયથી એમ લાગે કે હું સત્ય બોલું છું તો બોલવું નહિતર મૌન રહેવું, પણ સ્વપ્ને પણ અસત્ય વચન બોલવું નહિ.

( ૩ ) હાલના સમયમાં નિંદા કરવાની, પારકાની કુથલી કરવાની અને બીજાઓની ચાડી કરવાની ટેવ હદપાર વધી ગઇ છે. લોકોને તેમાં એક પ્રકારનો રસ પડતો હોય તેમ લાગે છે, જ્યારે મનુષ્ય બીજાની નીંદા કરવા શરૂ કરે છે,

ત્યારે તેના કેટલાક હયાત દોષોની સાથે બીજા તેનામાં ન હોય તેવા દોષો કલ્પીને નીંદા કરે છે. સામાન્ય દોષ હોય તો પણ મીઠું મરચું ભભરાવી લોકોની આંખ આગળ ગંભીર રૂપમાં મુકવાનું કામ કરનારા વગર પૈસાના દેરીયા હાલમાં ઘણા માલુમ પડે છે. કર્ણ પરંપરાએ સાંભળેલો કોઇનો સહેજ દોષ મહોટા વિશાળરૂપમાં તેઓ બીજા આગળ મુકે છે અને બીજાઓ વળી અન્યજનો આગળ મોટા મહાસાગરનું રૂપ આપી ધરે છે; આ રીતે રજનું ગજ થાય છે અને જ્યાં દોરડાનો લીસોટો પડયો હોય ત્યાં જાણે સાપ મેં દેખ્યા, એવું બને છે. પોતાના **પર્વત** જેટલા દોષ મનુષ્ય જોઇ શકતો નથી, પણ બીજાના **સરસવ**-જેટલા દોષ તેને પર્વત તુલ્ય લાગે છે, એજ કલિયુગનું મહાત્મ્ય ! એજ જીવનને અધમ બનાવનારી વૃત્તિ ! એજ ગુણાનુરાગને વિઘ્ન કરનારી રાક્ષસી ! આ અવગુણ એટલે બધે દરજ્જે ચેપી રોગની માફક વધી ગયો છે કે મોટા મોટા પુરૂષો પણ તેના પાસથી તદ્દન મુક્ત હોતા નથી. હે નિંદાદેવી ! તારૂં રાજ્ય હાલ સર્વોપરિ સત્તા ભોગવે છે. તારા રાજ્યની હદમાં સર્વકોઈ આવી જાય છે. તારા રાજ્યની સત્તામાંથી છુટવું હોય તો ફક્ત એકજ માર્ગ છે અને તે માર્ગ ગુણાનુરાગ છે. જ્યાં ગુણ હોય ત્યાં દષ્ટિ કરો તો જરૂર તમને સર્વત્ર ગુણ જ દેખાશે. વસ્તુ એકનીએક હોવા છતાં જૂદી જૂદી દષ્ટિથી જોનારને તે જૂદી ભાસે છે. દરેક વસ્તુમાં ગુણ તેમજ અવગુણ રહેલા છે. જ્યાંસુધી મનુષ્ય અર્હદવસ્થા પ્રાપ્ત ન કરે, જ્યાંસુધી મનુષ્ય કેવળજ્ઞાની ન થાય, ત્યાંસુધી તેનામાં કાંઇપણ દોષ હોય એ સ્વાભાવિક છે માટે તે દોષ તરફ દષ્ટિ ન કરતાં દરેક સ્થળે, દરેક પુરૂષમાં, દરેક સંજોગમાં. અને દરેક પુરૂષમાં ગુણ તરફજ દષ્ટિ કરો. જો બોલો તો બીજાના ગુણ જ બોલો નહિતો મૌન રહેજો. મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે, માટે ભૂલ શોધવામાં તમારી ચતુરાઇ નથી, પણ ભૂલોથી ભરેલા મનુષ્યોમાં પણ જ્યાં ગુણ દેખાય, તે શોધી બીજાઓ સમક્ષ રજુ કરવામાં તમારી બુદ્ધિનું ગૌરવ છે. દરેક વસ્તુ અભ્યાસથી વૃદ્ધિ પામે છે. જેમ દોષ જોવાની મનુષ્યને ટેવ પડે છે અને તેથી તે બીજાનાં છિદ્રો જોતો ફરે છે, તેમ જો ગુણ જોવાની પણ ટેવ પાડવામાં આવે તો તે બાબતના અભ્યાસથી તેવા મનુષ્યને જરૂર ગુણી પુરૂષો મળ્યાવિના રહેશે નહિ.

જે મનુષ્ય અંતઃકરણથી અમુક વસ્તુને શોધે છે, તેને અવશ્ય તે વ્હેલી મોડી આવી મળે છે. માટે જો ગુણી પુરૂષોને ખરા જીગરથી શોધવા હોય તો ગુણાનુરાગી બનો અને મહાન્ પુરૂષોના ગુણો તમને જ્યાં જ્યાં દેખાય ત્યાં ત્યાં તેનું કીર્તન કરો.

(૪) જે મનુષ્યો બીજાની નિંદા કરે છે, તેઓ કાંઈ સ્વાર્થ સાધવાસારૂ કરે છે અથવાતો બીજાના માનભંગદ્વારા પોતાની મહત્વતા દર્શાવવા કહે છે. અને જો કે નિંદા તિરસ્કારને પાત્ર છે, છતાં કાંઇપણ કારણુસર ક્ષમ્ય થાય છે એમ આપણે માનીએ, પણ જે લોકો નિષ્કારણ ગપ્પાં મારવામાં પોતાનો સમય એળે ગુમાવે છે, અને જગતને ભારભૂત બને છે, તેમનું કાર્ય કેવળ દયાજનક છે.

આપણે ચારે બાજુએથી એવી ફરીયાદ સાંભળીએ છીએ કે "મને અવકાશ નથી" કાંઇ પણ પરોપકારનું કે સ્વાર્થનો ભોગ આપવાનું કામ આવ્યું કે 'મને ફુરસદ નથી' એ બ્હાનું આગળ ધરવામાં આવે છે, પણ સંબંધ વગરના નકામાં ગપ્પાં મારવામાં મનુષ્યનો અતિ ઉપયોગી સમય કેટલો બધો ચાલ્યો જાય છે, તે તરફ કોઇ પણ દૃષ્ટિ ફેરવતું નથી. ઘણા મનુષ્યો કામ વગરની અરસિક અને તદ્દન અનુપયોગી વાતો કરવામાં પોતાની વાચાનો દુરૂપયોગ કરે છે, માટે કોઇ પણ વચન બોલતાં પહેલાં મનુષ્યે પોતાની જાતને આ ત્રીજો સવાલ પૂછવો કે હું જે બોલું છું તે ઉપયોગી છે કે નિરૂપયોગી છે. જો આના જવાબમાં પોતાને એમ લાગે કે હું જે બોલુંછું તે કારણ-સરછે તોજ બોલવું નહિતર મૌન રહેવું, પણ નકામું બોલી સમયને એળે ગુમાવવો નહિ. તમે કદાચ કહેશો કે જો બધા મનુષ્યો આ નિયમ પ્રમાણે ચાલે તો જગતમાં ચાલતી વાતચિતનો પોણો ભાગ બંધ પડી જાય. હા. ખરીવાત ! પોણોભાગ બંધ થઈ જાય, અરે ! એંશી ટકા પણ બંધ થઇ જાય. પણ તેથી શું કાંઈ ગેર લાભ છે ! શું આવું ઉજળું ભવિષ્ય તમને રૂચતું નથી ? જો તમારો આ રીતે સમય બચે તો પરોપકારમાં તેનો ઉપયોગ ન થઇ શકે ? જરૂર થઇ શકે. માટે જો જગતનું દુઃખ ઓછું કરવામાં તમે કોઈ પણ અંશે તમારો હિસ્સો આપવા માગતા હો તો કોઈ પણ વચન બોલતાં પૂર્વે નીચેના ત્રણ સવાલો પોતાની જાતને પૂછવા અને તે ત્રણ સવાલોના જવાબ હકારમાં આવે તોજ બોલવું એવો નિશ્ચય કરો:

શું તે વચન સત્ય છે !

શું તે દયાળુ છે !

શું તે ઉપયોગી છે !

આ પ્રમાણે વિચાર કરીને બોલવાની ટેવ પાડવી. વિચાર કર્યા વગર બોલી જવાના ઘણા વખતના તમારા અભ્યાસથી–ટેવથી તમે ઉપરના નિયમોનો ભંગ કરીને પણ કેટલીક વાર બીજા ઉપયોગી વચનો બોલવાને દોરાશો. પણ તેથી હિમ્મત હારી જતા નહિ. દરેક વખતે ભૂલને ભૂલ તરીકે લેખજો: અને

ફરીથી તેવી ભૂલ ન થવા પામે માટે સાવધ રહેજો એટલે વિચાર કર્યાં વગર નહિ બોલવાની ઉમદા ટેવ તમને પડશે. આરીતે તમે અપ્રમત્ત અને સાવધ થશો, અને આરીતે શ્રી મહાવીર પ્રભુએ ગૌતમ ગણધરને આપેલો ઉપદેશ " હે ગૌતમ ! એક ક્ષણપણ પ્રમાદ કરીશ નહિ " એ વચનને તમે યથાર્થ રીતે વ્યવહારમાં મૂકશો જેથી આત્મ કલ્યાણ કરી શકશો

---

# बोर्डींग प्रकरण.

---

આ બોર્ડીંગમાં હાલ ૮૩ વિદ્યાર્થીઓછે જેમાં ૨૬ પેઇંગ ૬ હાફ પેઇંગ અને ૫૧ ફ્રીછે. બંધુઓ ! સમસ્ત હિંદુસ્તાનમાં આપણી કોમમાં જો કોઇ પણ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ લાભ લઇ શકતા હોય એવી કોઈ પણ સંસ્થા હોયતો તે આ સંસ્થા છે. તેને સ્થપાયે હાલ ચારવર્ષ પુરાં થયાં છે. આ સંસ્થા હાલ નાણાં સંબંધી ઘણીજ તંગી ભોગવેછે માટે સર્વે સંઘના સદ્‌ગૃહસ્થો તેને પોત પોતાની શક્તિ અનુસાર મદદ કરશે. આ કોઇ અમુકનહિ અમુક વ્યક્તિની સંસ્થા નથી પણ તે સર્વે સંઘની છે એટલે સર્વ જૈનબંધુ ઓની પોતાની છે અને સર્વેએ તેને મદદ કરી ઉન્નતિના શીખર ઉપર મૂકવાની જરૂરછે. આપણા શ્રીમંત વર્ગે આ સંસ્થાપર ખાસ લક્ષ આપવું જોઇએ અને પોતાની સદ્‌કમાઇનો આવાં પારમાર્થીક ખાતાંઓમાં સદ્‌વ્યય કરવો જોઇએ. પુણ્યશાળી પુણીઆ શ્રાવકના કર્તવ્યનો ઉદેશ દરેક સ્વધર્મપરાયણ જીવોએ ભુલવો જોઇતો નથી. એજ. સુજ્ઞેષુકિંબહુના.

આ બોર્ડીંગમાં ભણતા વિદ્યાર્થીઓની ધોરણવાર, જાતવાર અને ગામવાર સંખ્યા, મદદની નીચે અમોએ આપી છે તે સર્વ બંધુઓને વાંચવાની ભલામણ કરવામાં આવે છે.

## આ માસમાં આવેલી મદદ

| | | |
|---|---|---|
| ૧૭–૦–૦ | શા. લખમીચંદ લાલચંદ હ. વકીલ મોહનલાલ હેમચંદ. | પાદરા. |
| ૫–૦–૦ | બાઇ ગંગા હ. વકીલ મોહનલાલ હેમચંદ. | પાદરા |
| ૫૧–૦–૦ | શા. લખમીચંદ લલ્લુભાઈ ( અંક ૧૧ માના વધારામાં જણાવેલાતે, | અમદાવાદ |
| ૨૫–૦–૦ | શા. ડાહ્યાભાઈ લલ્લુભાઈ ( અંક ૧૧ માના વધારામાં જણાવેલાતે ) | અમદાવાદ |
| ૧–૦–૦ | શા. પરસોત્તમદાશ પીતામ્બર દાશ | અમદાવાદ |
| ૧૦૦૦–૦–૦ | શ્રીયુત્. શેઠ. મણિ ભાઇ ગોકલભાઈ હ. ઝવેરી સારા ભાઇ વાડીલાલ. | મુંબાઇ |

૫-૦-૦ શા. મગન લાલ મોતીલાલ — અમદાવાદ
૧-૦-૦ શા. પોપટ લાલ ભગુભાઇ — ”
૧-૦-૦ શા. જગજીવનદાસ પાનાચંદ — ”
૪-૦-૦ બાઇ. પરશન. શા. અનોપચંદ નથુ ભાઈની વિધવા — ખેડા
૬-૦-૦ શા. સુંદરજી તલકશી — અમદાવાદ
૪૦૦-૦-૦ શ્રી. જૈનવિશાઓસવાલ ક્લબ તરફથી શા. માણેક લાલ જેહાભાઇ હ. રાજેશ્રી મણીલાલ મગનલાલ — અમદાવાદ
૨-૦-૦ શા. છોટાલાલ જેશીંગભાઇ — ”
૧-૦-૦ ઘડીઆલી કાલીદાશ મોતીચંદ — ”
૨૫-૦-૦ શા ઉજમલાલ કેશવલાલ હ. તેલી મણીલાલ લલ્લુભાઇ. — મુંબાઇ

## બોર્ડીંગના વિદ્યાર્થીઓની ધોરણવાર સંખ્યા.

| | | | |
|---|---|---|---|
| બી. જે. મેડીકલ સ્કુલ | પ્રીવીઅસ | ઈંગ્રેજી ધોરણ સાતમું | ઈ. ધો ૭ ઠું |
| ૨ | ૫ | ૧૨ | ૮ |
| ઈ. ધો. પાંચમુ | ઈ. ધો. ચોથું | ઈ. ધો. ત્રીજું | ઈ. ધો. બીજુ |
| ૧૫ | ૧૨ | ૭ | ૧ |
| ઈ. ધો. પહેલું | ગુજરાતી | બ્હેરા મુંગાની સ્કુલ | આર. સી. ટેકની કલ સ્કુલ. |
| ૪ | ૮ | ૨ | ૪ |
| ઓઇલ પેઇન્ટીંગ ફોટોગ્રાફીક. | | | |
| ૩ | | | |

કુલે –૮૪.

## બોર્ડીંગના વિદ્યાર્થીઓની જ્ઞાતિવાર સંખ્યા.

| | | |
|---|---|---|
| દશા પોરવાડ. ૧૭ | વિશા પોરવાડ. ૮ | વિશા ઓશવાળ. ૬ |
| દશા શ્રીમાળી. ૨૬ | લાડવા શ્રીમાળી. ૧ | વિશા નીમા. ૪ |
| વિશાશ્રીમાળી. ૧૭ | પાટીદાર. ૩ | રજપુત. ૧ |

કુલે. ૮૩.

## બોર્ડીંગના વિદ્યાર્થીઓની ગામવાર સંખ્યા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પેથાપુર | ૪ | જુનાગઢ | ૧ | રાધનપુર | ૧ | વાંકાનેર | ૧ | જેતલપુર | ૨ |
| ગોધાવી | ૩ | આમોદ | ૧ | કોઠ | ૪ | ખેડા | ૧૨ | વહેલાલ | ૧ |
| કપડવણજ | ૩ | વઢવાણ | ૩ | ઇડર | ૬ | વસો | ૧ | નાર | ૨ |
| બિજાપુર | ૩ | અમદાવાદ | ૬ | સુનેલ | ૧ | દેહેગામ | ૧ | પ્રાંતીજ | ૨ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પાલીદરા | ૧ | ઓગણુજ | ૧ | અહમદનગર | ૨ | સીમેજ | ૧ | ભાલક | ૧ |
| સાણોદા | ૧ | માંડલ | ૧ | નન્દાસન | ૧ | લુણાવાડા | ૧ | વડોદરા | ૧ |
| ચલોડા | ૧ | કડા | ૧ | સાયલા | ૧ | વિરમગામ | ૧ | બડોદરા | ૧ |
| કચ્છભૂજ | ૨ | જંબુસર | ૧ | ઉદેપુર | ૧ | ખંભાત | ૩ | ધારીસણા | ૧ |
| ઘડીઆ | ૧ | | | | | | | | |

કુલે ૮૩

# પૂજ્ય મુનિ ગુરૂ મહારાજ શ્રીમદ્‌બુદ્ધિસાગરજી મહારાજ મુંબાઇમાં.

અમોને જણાવતાં અતિ આનંદ થાય છે કે અમારા માસિકના અધિષ્ઠાતા યોગનિષ્ઠ મહાત્મા શ્રીમદ્ બુદ્ધિસાગરજી મુંબાઇમાં પધાર્યા છે.

મુંબાઇના સંઘના અગ્રગણ્યોએ એક દીલથી અને પૂર્ણ ઉત્સાહિતપણે, પ્રફુલ્લિત હૃદયે તેમને જૈન શાસનને શોભતી રીતે ઘણી ધામધૂમ અને આડંબર સાથે પધરાવ્યા છે.

" હાથ કંકણુ ને આરશીની જરૂર નથી " તેમ આ મુનિરાજના સંબંધમાં અમો તેમના જ્ઞાન ગુણનું યશોગાન કરવામાં તટસ્થ રહી તેઓના દશ વર્ષના દીક્ષાના પર્યાયમાં બજાવેલાં કર્તવ્યોની રૂપરેખાતરીકે બતાવવું સમયને અનુચિત આ સ્થળે નહિ ગણાય એમ ધારી જણાવવા રજા લેઇએ છીએ.

આ મુનિરાજે લગભગ ન્હાનાં મોટાં મળી આજ સુધીમાં ૫૦) પુસ્તકો લખ્યાં છે. તેમજ ઘણા અન્ય માસિકોમાં તેમજ વર્તમાન પત્રોમાં પોતાની વિદ્વત્તાનો પ્રાજો આપી જનસમાજ તેમજ ધાર્મિક ઉન્નતિના અર્થે લેખો લખ્યા છે. આ મુનિરાજે પોતાની આટલી વયમાં કાંઇ નહી તો ડેમી ઓકટોવો છાપેલાં પાંચ હજાર પાનાં જેટલા ગ્રંથો લખ્યા છે. આ ગ્રંથો પૈકી ભજનપદસંગ્રહના પાંચ ભાગો, પરમાત્મજ્યોતી તથા પરમાત્મદર્શન ગ્રંથો તો અમો મગરૂરીથી કહીએ છીએ કે યાવત્ ચંદ્ર દિવાકર સુધી જૈનોમાં તથા અન્યધર્મીઓમાં વંચાશે. તેઓશ્રીના ભજનો એકલા આપણામાંજ નહી પણ અન્ય ધર્મોમાં પણ ગવાય છે. કેટલાક અન્ય ધર્મીઓએ તેઓશ્રીના ઉપદેશામૃતથી મદ્ય માંસ તજી વળી નીરામીશ આહાર લેવો શરૂ કર્યો છે અને જૈન માર્ગનીજ પ્રશંસા કરવા લાગ્યા છે. વળી તેઓશ્રીએ જૈનોને જાગૃતિમાં લાવવા તેમજ તેમને

કેળવણી મળે તેવા શુભાશયથી પાઠશાળાઓ, સમાજો, મંડળો સ્થપાવ્યાં છે. આ બોર્ડીંગ જેવી મહાન્ સંસ્થા કે જેમાં અત્યારે ૮૫ જેટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ લાભ લે છે ને જેના લાભાર્થે આ બુદ્ધિપ્રભા માસિક પ્રગટ થાય છે તેપણ તેઓશ્રીના ઉપદેશથી છે. આવી રીતે તેઓશ્રીએ પોતાની જાત મહેનત અને વિદ્વતાનો જૈનોને ઘણો ફાળો આપ્યો છે. વળી તેઓશ્રીએ પબ્લીકમાં જાહેર ભાષણ કરવાની પહેલ કરી આપણા ઉપર મહત્ ઉપકાર કર્યો છે. હાલના જમાનામાં સાંકડા પ્રદેશમાં જૈનતત્ત્વજ્ઞાનને ન મુકતાં તેને વિશાળ પ્રદેશમાં યથાસ્થિત સ્વરૂપમાં મૂકવામાં આવેતો તેથી કરી આપણો પક્ષ પ્રબળ થાય એટલુંજ નહિં પણ અન્યદર્શની ભાઈઓમાં પણ આપણા પ્રતિ ભ્રાતૃભાવની વૃદ્ધિ થાય અને તેની સાથે જૈન ફીલસુફી તરફ તેમની પ્રેમ ભાવના જાગ્રત થાય. આનો કોઇપણ શ્રેષ્ટ માર્ગ હશે તો તે જાહેર ભાષણજ છે. માટે આ મુનિરાજે જે જાહેર ભાષણ આપવાની પહેલ કરી છે તેને માટે અમો તેમને ખરા અંતઃકરણથી સહસ્ત્રકોટી ધન્યવાદ આપીએ છીએ અને સર્વે વિદ્વાન્ મુનિ મહારાજાઓને વિનવીએ છીએ કે તેઓસાહેબ પણ આવી રીતે પબ્લીક ભાષણો આપી ધર્મનો વિજયવાવટો ફરકાવા કટિબદ્ધ થશે. તેઓ સાહેબે વડોદરામાં લક્ષ્મીવિલાસ મહેલમાં મહારાજા ગાયકવાડ સન્મુખ ભાષણ આપ્યું હતું. તેમજ કુમસ મુકામે વાંસદાના દરબારને તેમજ કોઠ મુકામે ગુંદીના ઠાકોરને, તેઓ સાહેબે ઉપદેશ આપ્યો હતો. તેમજ અમદાવાદ, ખેડા, બોરસદ, પેટલાદ, વલસાડ, સુરત વિગેરે જે જે યોગ્ય સ્થળોએ તેઓશ્રીએ વિહાર કરેલો ત્યાં જાહેર ભાષણો આપ્યાં છે. અમો મુંબાઇ નિવાસી સર્વે સંઘના સદ્‌ગૃહસ્થોને વિનવીએ છીએ કે તમોને મહત્ પુણ્યે આવા વિદ્વાન મુનિરાજનો યોગ મળ્યો છે તેનો લાભ લેવા ચુકશો નહિ. પવિત્ર મુનિરાજો દૂર પ્રદેશમાં વિહારના સબળે મહાન્ મહાન્ કાંટા વેઠી શાસનની ઉન્નતિને અર્થે ત્યાં પધારે છે તો આપ સાહેબ પણ તેઓના સામાજીક તેમજ ધાર્મિક સુધારાના વિચાર મણકામાં તમારી સંમતિરૂપ ધર્મના દોરામાં મણકાઓ મેળવી માળાના રૂપે કરી શાસન દેવીના કંઠે સમર્પણ કરવા સદા તત્પર રહેશો. છેવટ તેઓશ્રીનું મુંબાઇમાં આગમન દરેક રીતે વિજયવંત નીવડો અને સંઘમાં સર્વત્ર સ્થળે શાંતિ પ્રસરો એવી અંતિમ આશા છે. તેઓનું ચોમાસું ત્યાં થાય તો સારૂં એમ અમારી વિનંતિ છે.

ॐ श्री गुरु

## બોર્ડીંગના એક વિદ્યાર્થીનું વિદેશ ગમન.

અમોને જણાવતાં આનંદ થાય છે કે આ બોર્ડીંગના એક યુવક વિદ્યાર્થી શાહ જગજીવનદાસ ડાહ્યાભાઇ પેથાપુર નિવાસી તા. ૧-૩-૧૯૧૨ ને રોજ, તેમના બંધુ હીરાલાલ મોતીલાલ સહ ફ્રાન્સના પાયતખ્ત શહેર પારીસ જવાને હિંદનો કિનારો છોડી વિદાય થયા છે. તેમની વિદાયગીરી પ્રસંગે બોર્ડીંગના વિદ્યાર્થીઓએ આ બન્ધુ પ્રત્યે પરસ્પર ભ્રાતૃભાવની તેમજ આંતરિક પ્રેમની લાગણીદર્શક, તેમની મુસાફરી દરેક રીતે ફતેહમંદ નીવડે, વળી દ્રઢ ધર્મી હોઇ આયુષ્ય, સુખ, સંપત્તિને વૈભવ પામે તથા આ બોર્ડીંગ કે જ્યાં તેમણે અભ્યાસ કરેલો છે તે પ્રતિ અહર્નિશ તેમની લાગણી રહે એવા શુભાશયવાળુ તથા વિયોગના સબબે થતી દીલગીરી પ્રદર્શીત કરતું વિદાયગીરીપત્ર તેમને આપ્યું હતું તથા સ્ટેશન સુધી તેમને વળાવા જઈ ફુલપાન વિગેરે આપ્યાં હતાં. આ બંધુ હાલમાં વિલાયત ભણવા સારૂ ગયા છે.

વળી અમોને આ સ્થળે એક બીના જણાવતાં અત્યાનંદ થાય છે અને તે એકે આપણી કોમમાં વિશેષ ભાગે વૈશ્નવ વિગેરે સંપ્રદાયની માફક વિલાયત જવામાં બાધ ગણવામાં આવતો નથી. આપણે આપણો જૈન ઇતિહાસ તપાસીશું તો આપણને જણાશે કે પ્રાચીન સમયમાં જૈનો વહાણવાટે ઘણા દુર દેશોમાં જતા, તેમ મોટા પ્રમાણમાં વેપાર ખેડતા અને સુખ સંપત્તિ અને શારિરીક સંપત્તિમાં પૂર્ણતા ભોગવતા. માટે દુર દેશાટન કરવું એ કંઇ આપણા માટે નવાઈનું નથી. તે સંબધી કદી સાંકડો વિચાર પણ કરવો નહીં. દેશાટનના ફાયદા જોવાને આપણે વધારે દૂર ન જતાં જે આપણી મહાન્ બ્રિટીશ સરકાર છે તેમના પ્રતિ જ લક્ષ દો એટલે આપણને સહજ જણાશે કે દેશાટન કરવું એ કેટલું જરૂરનું છે. છેવટ અમો આ બંધુની મુસાફરીની દરેક રીતે ફતેહ ઇચ્છીએ છીએ.

---

## विशेषावश्यक ग्रन्थ छपाववानुं मदद फंड.

રૂ ૫૦ ) અમદાવાદના શેઠ. મોહનલાલ લલ્લુભાઇ.

રૂ ૫૦ ) શેઠ. લલ્લુભાઇ રાયજીની પત્ની માણેકબા. જ્ઞાનખાતાના કહેલામાંથી

---

# વાંચો વાંચો જરૂર વાંચો

## માસિકનું ત્રીજું વર્ષ.

અમારા સર્વે ગ્રાહકોને વિજ્ઞપ્તિ કે અત્યાર સુધીના દ્વીતીય વર્ષના અગીઆર અંક નિયમિત રીતે અમો બહાર પાડીચુકયા છીએ—અને આ બારમો અંક તમારા હાથમાં આવે છે.

અમારા કદરદાન ગ્રાહકો જોઈ શકયા હશે કે પહેલા વર્ષ કરતાં બીજા વર્ષમાં અમોએ માસિકને સુશોભિત કરવા અમારાથી બનતું કર્યું છે અને આવતા એટલે ત્રીજા વર્ષમાં પણ તેને તેનાથી વધારે ઉચ્ચ સ્થિતિપર મુકવા અમો અમારાથી બનતો પ્રયાસ કરવાને ચૂકશું નહિ.

ગયા વર્ષ કરતાં આ વર્ષમાં લગભગ ૨૦ ફર્માં જેટલું વધારે વાંચન જુદા જુદા રૂપે અમોએ અમારા ગ્રાહકોને આપ્યું છે તેમજ તેના અંગે આપણા સાહિત્યનો પ્રચાર કરવા કેટલો નજીવી કીંમતે તેમજ ભેટ દાખલ પણ પુસ્તકો ઇનામ આપ્યાં છે એ અમારા કદરદાન ગ્રાહકોથી અજાણ નહીં હોય.

અમારા સર્વ બંધુઓને નમ્રતા પુર્વક કહેવાનું કે આ માસિક હજુ બે વર્ષનું બાળક છે માટે સમયને માન આપી તેનાપર સર્વે બંધુઓ પ્રીતિની મીઠી નજરથી જોશે. તેમજ તેના ઉચ્ચ આશયને વિસ્મૃત નહિં કરે કારણકે તે એક આપણી બોર્ડીંગ જેવી પારમાર્થિક સંસ્થાની અભિવૃદ્ધિ માટે પ્રગટ થાય છે માટે તેને સર્વે રીતે વધાવી લેશે અને દરેક બંધુ પરોપકારની ખાતર પોતપોતાથી બનતી રીતે ગ્રાહક વધારશે. કારણકે માસિકની સઘળી ઉન્નતિનો આધાર તેના ગ્રાહકની સંખ્યા વધવા ઉપર છે. ગ્રાહકની સંખ્યા વધુ થાય તો તેમાં જોઇતો સુધારો વધારો કરી શકાય.

બંધુઓ! બનારસ સેંટ્રેલ હિંદુ કોલેજ માસિકની ૧૨૦૦૦ બાર હજાર નકલો ખપે છે અને તેથી કરી કોલેજને વાર્ષિક રૂ. ૫૦૦૦) ના શુમારે નફો મળે છે. અમોએ પણ આજ ઉમદા નેમથી અને ઉચ્ચ આશયથી આ માસિકનું પ્રગટણ કર્યું છે, પરંતુ તે દરજા પર આવવી એ સર્વે આપ બંધુઓની ઇચ્છાને આધીન છે, બાકી એક રૂપીઆ જેવી બાર મહિને નજીવી કિંમત ખરચવી એ મારા ધાર્યા પ્રમાણે કોઇ બંધુને કોઇ રીતે મુશકેલ પડે તેમ નથી કારણકે એટલા પૈસા તો પાન સોપારીમાં પણ ખરચ થતા હશે. તો બંધુઓ ! આતો સ્વાર્થની સાથે પરમાર્થ સાધવાનો છે માટે સર્વે ધર્મ બંધુઓને વિજ્ઞપ્તિ કે દરેક બંધુ આ માસિકના ગ્રાહક થશે.

છેવટ લખવાનું કે પૂજ્ય મુનિવરો, સુજ્ઞજૈન બંધુઓ કે જેઓએ આ વર્ષમાં માસિકમાં લેખો મોકલાવવા તરદી લીધી છે તે સર્વેનો આ સ્થળે અમો ઉપકાર માનીએ છીએ અને સર્વે વિદ્વાન વર્ગને અમો વિનવીએ છીએ કે તેઓ પોતાની રસીલી કલમથી આ માસિકને રસીલું બનાવવા વિદ્વતા ભર્યા લેખો મોકલાવી આપશે તથા દરેક ગ્રાહકો એક એક ગ્રાહક વધારી આપવા કૃપા કરશે એવી અંતીમ આશા છે, એજ. સુજ્ઞેષુ કિંબહુના.

## ખાસ સુચના.

ઘણાખરા ગ્રાહકોનું આ વર્ષનું લવાજમ વસુલ થયું છે. જે થોડા બાકી છે તેઓએ કૃપા કરી બોર્ડીંગના હિતાર્થે પોતાના તરફનું લવાજમ તાકીદે મોકલવી આપવું. આ સ્થળે દીલગીરી સાથ લખવું પડે છે કે જો કે આ કામ જ્ઞાન ખાતાનું છે છતાં કેટલાક બંધુઓ ૨-૪-૬ કે તેથી પણ વધુ અંકો રાખી લવાજમ ભરવા વખતે ના પાડે છે, તેઓને જણાવવું પડે છે કે આ માસિકથી મળનાર લાભ છતાં તમારી ઇચ્છા તેના ગ્રાહક રહેવાની ના થતી હોય તો જેટલા અંકો મળ્યા હોય, તે દરેકના ત્રણ આના પ્રમાણે ગણી " બુદ્ધિ પ્રભા " ઓફીસ ઉપર મોકલાવી આપવા કે જેથી બોર્ડીંગના જ્ઞાન ખાતામાં નુકશાન ન થાય.

લી. વ્યવસ્થાપક, બુદ્ધિપ્રભા

નાગોરીશરાહ—અમદાવાદ.

## લવાજમની પહોંચ.

| | | |
|---|---|---|
| લાલભાઇ મુલચંદ | મનસુખભાઈ જેશીંગભાઇ | જીવાભાઇ ચુનીલાલ |
| છોટાલાલ લખમીચંદ | રતનચંદ લલ્લુભાઈ | કેશવલાલ નગીનદાસ |
| જેશીંગભાઇ સાંકલચંદ | ગોકલભાઇ બાપુભાઇ | વાડીલાલ ઉજમલાલ |
| મોહનલાલ મગનલાલ | ચુનીલાલ મોહનલાલ | ગીરધરલાલ હેમચંદ |
| હરખચંદ રાયચંદ | જેશીંગભાઇ છોટાલાલ | છગનલાલ નહાનચંદ |
| મણીલાલ ગોકલદાસ | શેઠ વિમળભાઇ મયાભાઇ | પ્રેમચંદ પોચાભાઇ |
| મોહનલાલ મનસુખરામ | વિરચંદભાઈ ગોકલદાસ | રવચંદ નહાનચંદ |
| લખમીચંદ ગગલદાસ | વિરચંદ મુળચંદ | મોહનલાલખેમચંદ |
| મનસુખરામ અનોપચંદ | પોપટલાલ ચુનીલાલ | પોપટલાલ મનસુખરામ |
| લાલભાઇ ત્રીકમભાઈ | શેઠ. ચીમનભાઇ લાલભાઇ | પુરસોત્તમભાઇ મગનલાલ |

| | | |
|---|---|---|
| મોહનલાલ લલ્લુભાઈ | છોટાલાલ જેશીંગભાઇ | શેઠ સોભાગ્યચંદ ચુનીલાલ |
| સાંકળચંદ મહોકમદાસ | નેમચંદ અમીચંદ | બાલાભાઇ કકલભાઇ |
| જેમલ પનજી | સુરજમલ લલ્લુભાઇ | મોહનલાલ લખમીચંદ |
| પુનમચંદ દલીચંદ | સાંકલચંદ લલ્લુભાઇ | ફતેભાઈ અમીચંદ |
| શેઠ લાલભાઈ કલ્યાણભાઈ | નંદલાલ લલ્લુભાઇ | ડાહ્યાભાઇ નાથાલાલ |
| ફકીરભાઇ ગહેલાભાઇ | વેલચંદભાઇ ઉમેદચંદ | ફુલચંદ બાલાભાઇ |
| જગાભાઇ ફુલચંદ | મોહનલાલ છગનલાલ | ડાહ્યાભાઈ મગનલાલ |
| ચંદુલાલ જેશીંગભાઇ | માણેકલાલ ચુનીલાલ | હરિલાલ કચરાભાઈ |
| મગનલાલ ઠાકરશી | સાંકલચંદ બહેચરદાસ | ડાહ્યાભાઇ કપુરચંદ |
| સકરચંદ હઠીશીંગ | કેશવલાલ બહેચરદાશ | અમૃતલાલ લલ્લુભાઇ |
| અમીચંદ. જેઠાભાઇ | કેશવલાલ કાલીદાશ | મણિલાલ હિરાચંદ |
| દલશુખભાઇ માનચંદ | નાથાલાલ કેવલદાશ | જમનાદાસ ગેલાભાઈ |
| મગનલાલ બહેચરદાસ | ડાહ્યાભાઇ ગોકલદાસ | શેઠ મનસુખભાઇ ભગુભાઇ |
| હરખચંદ કેશવજી | લલ્લુભાઇ જેઠાભાઇ | મણીલાલ સાકલચંદ |
| રતનચંદ મલીચંદ | મોહનલાલ કાલીદાસ | લાલચંદ જુવાનમલજી |
| ત્રીકમલાલ ફુલચંદ | ડાહ્યાભાઇ છોટાલાલ | આશાભાઇ અમૃતલાલ |
| લાલચંદ કાનજી | કેશવલાલ બહેચરદાસ | શેઠ અમુભાઈ લલ્લુભાઈ |
| વાડીલાલ સાંકલચંદ | છગનલાલ ડુંગરસી | ડાહ્યાભાઇ પ્રેમચંદ |
| બુધાલાલ ડાહ્યાભાઇ | ડાહ્યાભાઇ ઊમેદચંદ | ભાઇલાલ કાલીદાસ |
| મોહનલાલ મુલચંદ | ડાહ્યાભાઈ સાંકલચંદ | મુલચંદ રણછોડ |
| શેઠ મણિભાઇ જેશીંગભાઈ | મોહનલાલ મગનલાલ | છગનલાલ મુલજી |
| કેશવલાલ દોલતરામ | મનસુખરામ જેચંદ | મંગલદાસ છગનલાલ |

( ચાલુ. )

# શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળા–પ્રગટ થયેલ પુસ્તકો.

| | | |
|---|---|---|
| ગ્રન્થાંક | ૦ भजन पद संग्रह भा० १ लो. | કી. ૦–૮–૦ |
| ,, | ૧ અધ્યાત્મ વ્યાખ્યાનમાળા. ... ... | ,, ૦–૪–૦ |
| ,, | ૨ भजन पद संग्रह भा. २ जो.... ... | ,, ૦–૮–૦ |
| ,, | ૩ ,, भाग ३ जो.... ... | ,, ૦–૮–૦ |
| ,, | ૪ समाधी शतकम्. ... ... ... | ,, ૦–૮–૦ |
| ,, | ૫ अनुभव पच्चिसी. ... ... ... | ,, ૦–૮–૦ |
| ,, | ૬ आत्मप्रदीप.... ... ... ... | ,, ૦–૮–૦ |
| ,, | ૭ भजन संग्रह भा. ४ थो. ... ... | ,, ૦–૮–૦ |
| ,, | ૮ परमात्म दर्शन. ... ... ... | ,, ૦·૧૨·૦ |
| ,, | ૯ परमात्म ज्योति. ... ... ... | ,, ૦·૧૨·૦ |
| ,, | ૧૦ तत्वबिंदु. ... ... ... ... | ,, ૦–૪–૦ |
| ,, | ૧૧ ગુણાનુરાગ. ... ... ... ... | ,, ૦–૧–૦ |
| ,, | ૧૨–૧૩ ભજનસંગ્રહ ભા. ૫ મો તથા જ્ઞાનદિપીકા. | ,, ૦–૬–૦ |
| ,, | ૧૪ તીર્થયાત્રાનું વીમાન. ... ... ... | ,, ૦–૧–૦ |
| ,, | ૧૫ અધ્યાત્મ ભજન સંગ્રહ. ... ... | ,, ૦–૬–૦ |

## છપાતા ગ્રન્થો.

૧૬ ગુરૂબોધ, ૧૭ તત્વજ્ઞાન દિપીકા, ૧૮ ગહુંલીસંગ્રહ.

પ્રગટ થયેલ પુસ્તકો નીચેના સ્થળે વેચાણ મળશે.

**અમદાવાદ—જૈન બોર્ડીંગ ઠે. નાગોરીસરાહ.**

**મુંબઈ—પાયધુણી મેસર્સ મેઘજી હીરજીની કં.**

**,, (પ્રગટ કર્તા) શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ.**

**ચંપાગલી.**

## અમદાવાદ શ્રી વિશાઓસવાળ કલબ તરફથી બોર્ડીંગને રૂ ૪૦૦ ની મદદ.

અમોને જણાવતાં આનંદ થાય છે કે રા. રા. શા. માણેકલાલ જેઠાભાઇએ શ્રી ઓશવાલ કલબ તરફથી રાજેશ્રી મણીલાલ મગનલાલ હથુ આ બોર્ડીંગને રૂ ૪૦૦ ની મદદ આપી છે તેને માટે કલબના સર્વે મેમ્બરોનો અમો ઉપકાર માનીએ છીએ. સર્વે મેમ્બરોની આવી રીતે એક સરખી બોર્ડીંગ પ્રત્યે લાગણી જોઇ અમોને ઘણો આનંદ થાય છે. આવી રીતે દરેક વ્યક્તિઓ, મંડલો, સમાજો કોઇ પણ રૂપે આપણી ભવિષ્યની સંતતિ ઉછેરવારૂપ કોમનો અભ્યુદય સુચક બોર્ડીંગ જેવી પારમાર્થીક સંસ્થાને મદદ કરી આભારી કરશે એવી આશા રાખીએ છીએ. આ કલબનો મૂળ ઉદ્દેશ કોમમાં કેળવણીનો ફેલાવો કરવાનો હતો તે પણ બોર્ડીંગ ફંડમાં પૈસા આપવાથી પુરો પડે છે. આ કલબના મુખ્ય કાર્યવાહકો કેળવાયલા છે જેના પરિણામે બોર્ડીંગને આ મદદ થએલી છે એમ કહેવું આ સ્થળે અપ્રસ્તુત નહીં લેખી શકાય.

---

# सूचना

## જૈન ફીલોસોફીનો અમૂલ્ય ગ્રન્થ.
### શ્રી વિશેષાવશ્યકગ્રન્થ-છપાય છે.

જૈન ગ્રન્થોમાં વિશેષાવશ્યક મહાન્ ફીલોસોફીનો ગ્રન્થ ગણાય છે તેના અઠ્ઠાવીશ હજાર શ્લોક છે. ફીલોસોફીનો (તત્ત્વજ્ઞાનનો) આ મહાન્ ગ્રંથ છે. ગુરૂવર્ય શ્રી બુદ્ધિસાગરજી મહારાજે અમદાવાદમાં આ ગ્રન્થ વાંચ્યો હતો. નગરશેઠ. મોહનલાલ લલ્લુભાઇ તથા શા. હીરાચંદ કકલ તથા શ્રોતા શા. છોટાલાલ લખમીચંદ વગેરે શ્રાવકો તથા ચંચળ બ્હેન. તથા શેઠ. લાલભાઈ દલપતભાઇની પુત્રી માણેકબ્હેન તથા સરસ્વતિબ્હેન વગેરે શ્રાવીકાઓએ અત્રે આ ગ્રન્થનું શ્રવણ કર્યું છે. આ ગ્રન્થ સાંભળવાથી અપૂર્વ આનંદ થાય છે. જે ખરા શ્રોતાઓએ અત્રે આ ગ્રંન્થ સાંભલ્યો છે તેઓ સર્વે કોઇ એકિ વખતે તેનાં વખાણ કર્યાં વગર રહ્યા નથી જૈનતત્ત્વોનુ સારી રીતે આમાં સ્વરૂપ જણાવ્યું છે. આ ગ્રન્થને યોગનિષ્ઠ શ્રી બુદ્ધિસાગરજી મહારાજના ઉપદેશથી અધ્યાત્મ જ્ઞાન મંડળ છપાવેછે. તેમના કાર્યને મદદ કરનાર શ્રી વિજયધર્મ સૂરિ વગેરે સાધુ મુનિરાજો તથા હરગોવનદાસ વગેરે પંડિતો છે. આ ગ્રન્થ છપાવતાં લગભગ પાંચ હજાર રૂપૈયાનું ખર્ચ થાય તેમ લાગે છે. જીર્ણમન્દિરનો ઉદ્ધાર કરવા બરોબર આ ગ્રંથનો ઉદ્ધાર કરવાનું ફળ છે માટે ગ્રહસ્થ જૈનબંધુઓ જે જે મદદ આપશે તે પહોંચ સાથે સ્વીકારવામાં આવશે. મદદ મોકલનારે બોર્ડીંગના શરનામે મોકલવી તેની પહોંચ આ માસિકમાં લેવામાં આવશે.

# એક હર્ષોદ્‌ગાર.

આપણી કોમના સ્તંભતુલ્ય, અગ્રગણ્ય; પ્રતિષ્ઠિત શ્રીમાન્ શેઠ. અંબાલાલ સારાભાઇ ઉમરે આવતાં તેમને પોતાની દુકાનના શેઠ તરીકે ગાદીપર બેસાડવાની અને તેમની મીલ્કત સોંપવાની શુભ ક્રિયા થઇ હતી તે જોઈ અમોને અતિઆનંદ થાય છે.

આ યુવક શેઠ કેળવણીએ પુર અને પૈસે ભરપુર છે. તેની સાથે તેઓમાં ગર્ભીતપણે રહેલુ નિર્માનીપણ અને સાદાઇ સરસાઈ ભોગવે છે. આ શેઠ સ્વતંત્ર વિચારના છે.

વળી તેઓશ્રી ખરેખરા સુધારાના સાથી અને કેળવણીના પુરા હિમાયતી છે તે તેઓશ્રીના કર્તવ્યો-પરથી સહેજ સમજાશે.

તેઓશ્રીએ પોતાના દેશબંધુઓ માટે ભણવાની સગવડતા ખાતર અત્રે શ્રી ગુજરાત કોલેજમાં પોતાના કાકાશ્રીના નામથી હોસ્ટલ બાંધવા માટે ગવર્નમેન્ટને રૂ. ૩૧૦૦૦) આપ્યા છે. ખરેખર આ તેમનુ દેશભક્તપણુ અને દેશસેવાપણુ નથી સૂચવતુ ? વળી પોતાના લગ્નની ખુશાલીમાં આ બોર્ડીંગને રૂ. ૧૦૦૦) ની મદદ આપી કોમ પ્રત્યેની લાગણીનું દિલ દર્શાવી આપ્યું છે. જૈન કોમના અભ્યુદયનો આધાર આવા ઉદાર દિલના શ્રીમંતો પરજ છે એમ જો આ પ્રસંગે કહીએતો તે અપ્રસ્તુત નહિ ગણાય.

છેવટ તેઓશ્રી દીર્ઘાયુ ભોગવી સુખ સંપત્તિ અને વૈભવમાં દિવસ નિર્ગમન કરો અને તેમની ગાદી અમર તપો એવી પરમાત્મા અરિહંત પ્રત્યે અભ્યર્થના કરીએ છીએ. ૐ શ્રીગુરુ.